
અમૃતલાલ ડાહ્યાભાઈ પરમાર માણસા

॥ મહાત્મા રોહિદાસ ભગવાનની જય ॥

# બસો બ્યાસી પરગણાના રોહિદાસ સમાજના-રોહિત જ્ઞાતિ પંચના સામાજિક નિયમોના મહેસાણા મુકામે પસાર કરેલા ઠરાવોનું

# બંધારણ



ભગવાન શ્રી રોહિદાસજી

—: બસો બ્યાસી પરગણા રોહિત જ્ઞાતિ પંચના આદેશથી છપાવી પ્રસિદ્ધ કરનાર :—

મહેસાણા રોહિત જ્ઞાતિ સમસ્ત વસ્તી પંચ વતી

| | |
|---|---|
| મીઠાભાઈ ડુંગરભાઇ ચૌહાણ | શિવાભાઇ રામાભાઈ પરમાર |
| રણછોડભાઈ ખુશાલભાઈ ચૌહાણ | કાળીદાસ દાનાભાઈ પરમાર |
| લાલભાઈ માધવદાસ ચૌહાણ | છગનભાઈ તુલસીદાસ પરમાર |

સંવત ૨૦૩૧ ના વૈશાખ વદી ૫ ને શુક્રવાર તા ૩૦ માહે મે સને ૧૯૭૫

**બસો ક્યાસી પરગણા રોહિત (ચમાર) જ્ઞાતિની પરવાનગીથી છપાવી પ્રસિદ્ધ કરનાર મહેસાણા ગામના રોહિત (ચમાર) ભાઈઓ.**

૧ ઝવેરબેન પસાભાઈ પરમાર
૨ મીઠાભાઈ ડુંગરભાઇ ચૌહાણ
૩ રણછોડભાઇ ખુશાલભાઈ ચૌહાણ
૪ લાલભાઈ માધવદાસ ચૌહાણ
૫ શીવાભાઇ રામાભાઇ પરમાર
૬ કાળીદાસ દાનાભાઈ ,,
૭ લાલજીભાઇ કાળીદાસ ,,
૮ ધુળીબેન વસ્તાભાઇ ,,
૯ મેનાબેન પસાભાઈ ,,
૧૦ વીરૂબેન કીશોરભાઈ ,,
૧૧ કુસાભાઇ હાલાભાઇ ચૌહાણ
૧૨ ત્રીકમલાલ બેચરભાઈ પરમાર
૧૩ છનાભાઈ વીરાભાઈ સોલંકી
૧૪ મફતલાલ મોહનલાલ ,,
૧૫ સદાભાઈ જેઠાભાઇ પરમાર
૧૬ વસ્તાભાઈ ગલાભાઇ ચૌહાણ
૧૭ શાંતિલાલ મંગળદાસ ,,
૧૮ વાલાભાઈ ભગાભાઈ ,,
૧૯ કાનજીભાઈ માધવદાસ ,,
૨૦ શંકરભાઈ ખુશાલભાઈ ,,
૨૧ લક્ષ્મણભાઇ મોહનલાલ સોલંકી
૨૨ લવજીભાઇ ધુળાભાઇ ,,
૨૩ રેવાભાઇ વિરાભાઈ ,,
૨૪ સોમાભાઈ માધવદાસ ચૌહાણ
૨૫ બાબુલાલ મંગળદાસ ,,
૨૬ શંકરલાલ ભગાભાઇ ,,
૨૭ ખુશાલભાઈ કાળીદાસ પરમાર
૨૮ શાંતિલાલ કાળીદાસ ,,
૨૯ ગાવિંદભાઈ હીરાભાઈ ,,
૩૦ દુધાભાઇ હીરાભાઇ ,,
૩૧ ગોવિંદભાઇ તેજાભાઈ ,,
૩૨ વિઠ્ઠલભાઇ મંગળદાસ ચૌહાણ
૩૩ ડાહ્યાભાઇ વસ્તાભાઈ ,,
૩૪ સદાભાઈ મોતીલાલ ,,
૩૫ નાગરભાઈ ખોડાભાઈ ,,
૩૬ શામળભાઈ ઝીણાભાઇ ,,
૩૭ પુંજાભાઇ ખુશાલભાઇ ,,
૩૮ કાળીદાસ ખુશાલભાઇ ,,
૩૯ ગોવિંદભાઈ પુંજાભાઈ ચૌહાણ
૪૦ ભીખાભાઈ હીરાભાઈ ,,
૪૧ શામળભાઈ ધનાભાઈ ,,
૪૨ ગોવિંદભાઈ કુબેરભાઈ ,,
૪૩ વસ્તાભાઇ કાળાભાઈ પરમાર
૪૪ નથુભાઈ ધનાભાઇ ,,
૪૫ રમેશભાઈ ઇશ્વરભાઈ ,,
૪૬ ઇશ્વરભાઈ ભગાભાઈ સોલંકી
૪૭ ભીખાભાઈ સોમાભાઈ ,,
૪૮ લાલજીભાઈ હીરાભાઇ ,,
૪૯ સદાભાઇ ભગાભાઈ ,,
૫૦ છગનભાઈ અમુભાઈ ચૌહાણ
૫૧ ચતુરભાઈ વસ્તાભાઈ ,,
૫૨ કીશનભાઈ મીઠુરામ ,,
૫૩ પ્રેમાભાઇ ચેહરાભાઈ પરમાર
૫૪ છગનભાઇ તુલસીભાઈ ,,
૫૫ લાલજીભાઇ સોમાભાઈ ,,
૫૬ બાબુલાલ ઇશ્વરભાઈ ,,
૫૭ રતીલાલ કુશાભાઈ ચૌહાણ
૫૮ અમરતલાલ મંગુભાઇ સોલંકી
૫૯ લવજીભાઈ કુશાભાઇ ચૌહાણ
૬૦ મુળાભાઇ ઝીણાભાઇ ,,
૬૧ રામાભાઇ રેવાભાઇ પરમાર
૬૨ વિરાભાઈ બેચરભાઈ ,,
૬૩ મગનભાઇ બેચરભાઈ ,,
૬૪ મોહનભાઈ મગનભાઈ ,,
૬૫ પશાભાઈ પુંજાભાઇ ચૌહાણ
૬૬ નથુભાઈ ધરમશી પરમાર
૬૭ રણસીંહભાઈ મગનભાઇ પરમાર
૬૮ ચીમનભાઈ નારણભાઈ ,,
૬૯ જીવાભાઈ હીરાભાઇ ,,
૭૦ શિવાભાઇ હીરાભાઈ ,,
૭૧ જેઠાભાઈ કચરાભાઈ ,,
૭૨ મુળાભાઈ મોતીભાઇ ,,
૭૩ પશાભાઇ મંગળભાઇ ,,
૭૪ બાબુભાઈ ગફુરભાઈ ,,
૭૫ ખુશાલભાઈ દાનાભાઈ ,,
૭૬ વસ્તાભાઇ છગનભાઈ ,,
૭૭ લક્ષ્મણભાઈ જીવાભાઈ ,,

# જ્ઞાતિ ભાઈઓને નમ્ર વિનંતી

મહેસાણા મુકામે બસો બ્યાસી પરગણાના રોહિત (ચમાર) ભાઈઓનું સંમેલન તા. ૨૮-૫-૭૫ થી તા ૩૦-૫-૭૫ સુધી મળેલ મળ્યું. આ સંમેલનમાં ચારે ગોળ જેવાં કે સાઈઠ, બેતાળીસ અને બે સત્તાવીસના ભાઈઓ સારી સંખ્યામાં હાજર હતાં. બધા ભાઈઓએ એક સંપથી હાલની મુશ્કેલ આર્થિક પરિસ્થિતિમાં આપણા સમાજના સામાજીક રિવાજના વ્યવહારો સરળ થાયતે અંગેના નિયમો તથા ઠરાવો કરી સમાજના સાધન વિનાના ભાઈનાં દિકરા-દિકરીનાં કામો સરળતાથી પાર પડે તેવી બંધારણીય જોગવાઈ કરી છે. જે ખુશી થવાની વાત છે.

હાલની ફુગાવાજનક આર્થિક સ્થિતિ ઘણી જ વિષમ છે. અસહ્ય મોંઘવારીએ ભીષણ સ્વરૂપ ધારણ કર્યું છે. બેકારીએ તેના ખપ્પરમાં જનતાને લીધી છે. કાળાં બજારે માઝા મુકી છે. અનાજ અને જીવન જરૂરીયાતની બીજી ચીજો ઓછી આવક વાળાં અને ઉભડીયા ખેત મજુર આસાનીથી મેળવી શકતા નથી. પછાત વર્ગના, મુખ્યત્વે ખેત મજુરી ઉપર નભતા આપણા ભાઈઓ પુરતી આવક વિના પોતાના સામાજીક વ્યવહારો કેવી રીતે પાર પાડવા તેની સતત ચિંતાંમાં રહ્યાં કરે છે.

આપણાં પરગણાના ભાઈઓનો સામાન્ય મત અને વ્યવહાર કન્યા-વિક્રય કરવાનો નથી, પરંતુ ભિષણ મોંઘવારી અને પરપરગણાની સમાન કક્ષાએ આવી શકાય તે હેતુથી દાપા વિગેરેમાં સંજોગોવસાત સર્વસંમતિથી ફેરફાર કરવામાં આવ્યા છે. જેથી આપણા સમાજના ગરીબ ભાઈઓને આર્થિક ભીંસમાં રાહત રહેશે.

સમાજમાં કેટલીક પ્રચલિત જુની રૂઢીઓ અને રિવાજોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જે આંચકો આપે તેવા છે પરંતુ બિન જરૂરી ખોટું ખર્ચ બંધ કરવું હોય તો તેમ કર્યા વિના છુટકો નથી. જાન આવે ત્યારે સીધી ઘરધણીને ત્યાં લઈ જવી, રાત્રે જમ્યાબાદ દાપુ આપવું. અને જાનને સવારમાં વહેલી વિદાય કરવી તથા સીમંતના પ્રસંગ વખતે ભભકાભરી જુની ખાનદાની છતી કરતી રીતમાં થોડોક ફેરફાર તથા બીજા રિવાજોમાં પણ સમયોચીત ફેરફાર જ્ઞાતિ પંચ તરફથી કરવામાં આવ્યા છે. તે શરૂમાં જરા અગવડ અને અરૂચીકર જણાશે પરંતુ અંતે તે સમાજના હિતમાં પુરવાર થશે તેવી અમારી માન્યતા છે.

સમાજના ઘડતર અને વિકાસ સારૂં સામાજિક વ્યવહારો તથા જુની રૂઢિઓ અને રિવાજોમાં ફેરફાર ઉપરાંત સમાજના બાળકોને શિક્ષણ અને ધંધાદારી તાલીમ આપવી આવશ્યક છે. જ્ઞાતિનાં બાળકોના શિક્ષણ સારૂં નાણાંની જોગવાઇ કરવી જરૂરી છે. તે હેતુથી શુભ પ્રસંગોએ ફરજીયાત બાંધી રકમ લેવાનું ઠરાવેલું છે. આ નાણાં સહકારને અભાવે એકઠા કરી શકાતા નથી, કેટલાક ગામોમાં આવા નાણાં વરતીપંચમાં એકઠા કરવાની પ્રવૃત્તિ ચાલે છે પરંતુ બીજા ઘણાં ગામોમાં આવા નાંણા ઘર ધણીના ઘરમાં જ જમા રહે છે. આપણે જો આપણાં બાળકોનું શિક્ષણ કાર્ય કરવું હશે તો આ નાણાં આપણે એકઠાં કરવા જ



પડશે. સરકારશ્રીની શિક્ષણની સવલત બંધ થાય તે પહેલાં આપણે આપણી જ્ઞાતિ મારફતે આપણા બાળકોના શિક્ષણ સારૂં આશ્રમ વિગેરેની જોગવાઈ સારૂં જ્ઞાતિએ ઠરાવેલા આ નાણાં આપણે એકત્ર કરીને તેનો વ્યવહાર વ્યવસ્થિત કરીએ અને તે નાણામાંથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે આશ્રમ શરૂ કરવો, પુસ્તકો આપવા તથા સ્કાલરશીપ આપવાની જોગવાઈ કરી શકીશું. તો આપણી સરકારી સવલતો બંધ થતા આપણે નિ સહાય રાંક પાંગળાં નહી રહેતા શિક્ષણ બાબતમાં આપણા પગ ઉપર આપણે ઉભા રહી શકીશું. આનંદની વાત છે કે આ વખતે બંધારણમાં જણાવેલ કેળવણી ફંડના નાણાં એકત્ર કરવાની જોગવાઇ જ્ઞાતિ પંચે વિચારી છે. આશા છે કે સૌ ભાઈઓ આ શુભ કાર્યમાં સહાયરૂપ થશે. અને જ્ઞાતિના બાળકોના આશીર્વાદ મેળવશે.

ઓછું શિક્ષણ પામેલા આપણી જ્ઞાતિના બેકાર યુવાનો માટે નાના ગૃહ ઉદ્યોગો શરૂ કરવાનું વિચાર્યું છે, તે ખુશી થવાની વાત છે. આંબલીયાસણ સ્ટેશન જેવા સ્થળે જ્ઞાતિ તરફથી નાના ગૃહ ઉદ્યોગોનો તાલીમ વર્ગ શરૂ કરવાનું વિચાર્યું છે. જેમાથી તાલિમ પામેલા બેકાર યુવાનો પોતાની ઇચ્છા મુજબ પોતાનું ગુજરાન ચલાવવા શકિતમાન બની શકશે આંબલીયાસણ સ્ટેશન જેવા મધ્યસ્થ સ્થળે એક જ્ઞાતિનું મકાન હોવું જરૂરી છે. અને તે મારફતે આવી પ્રવૃત્તિ ચલાવી શકાય તથા ઘણી વખત જ્ઞાતિ પંચ આશ્રય વિના ખુલ્લામાં મળે છે તે મુશ્કેલી પણ આવું મકાન થતા જરૂર દુર થશે. જેથી જ્ઞાતિનું મકાન બાંધવામાં જ્ઞાતિ ભાઇઓએ સહકાર આપવો જરૂરી છે,

દારૂબંધી સંબંધી પણ આપણી જ્ઞાતિએ આવકાર્ય ઠરાવ કરીને જ્ઞાતિ હિતની વાત કરી છે. મદ્ય નિષેધની સરકારશ્રીની નીતિ છે. અને તેના અમલ માટે તેનું તંત્ર પણ રાત-દિવસ કામ કરે છે. છતા પણ જ્ઞાતિના ભાઈઓ મદ્ય નિષેધ નો ભંગ કરીને ચોરી છુપીથી તેમની બુરી આદતને તાબે થાય છે. જ્ઞાતિ પંચે આ બાબત પુરતી તકેદારી રાખી દારૂ તથા કેફી પીણાં પીવા ઉપર કડક પ્રતિબંધ મુકેલ છે. જે હર્ષની વાત છે. તેને અમે આવકારીએ છીએ અને જ્ઞાતિ ભાઇઓ આ ઠરાવને અનુમોદન આપી ચોરી છુપીથી પીવાની આદતમાંથી મુકત થઈ તંદુરસ્ત અને સારૂં જીવન જીવતા થશે તેવી જ્ઞાતિ ભાઇઓની અભિલાષામાં અમો અમારો સુર પુરાવ્યા વિના રહી શકતા નથી.

હાલના સમયમાં સહકાર, સંપ અને સંગઠન વિના કંઈ કામ સફળ થઈ શકતું નથી. જ્ઞાતિ હિતના કાર્યો કરવામાં પણ સહકાર અને સગઠનની ઘણી જરૂર છે. મધમાખીઓ અને કીડીઓ જેવા જીવ જંતુઓ જો સંપ અને સહકારથી સતત જાગૃત અને પ્રવૃત્તિશીલ રહી તેમનું કામ સફળતાથી પાર પાડી શકતાં હોય તો આપણે મનુષ્યોએ સહકાર અને સંગઠનનું મહત્વ સમજીને આપણાં સૌના ભલા માટે સામાજીક અને આર્થિક તેમજ શૈક્ષણિક જેવી પ્રવૃત્તિઓમા સંગઠન અને સહકારથી કામ કરીશું. તો મર્યાદિત સમયમાં સારૂં કાર્ય કરી કરીશું. તેવી અમને શ્રદ્ધા છે.

આપણા જ્ઞાતિ બંધારણને પ્રતિજ્ઞા પૂર્વક અને વફાદારીથી વળગી રહીને તે પ્રમાણે જે બધા જ વ્યવહારો કરવામાં આવે તો આપણા ગરીબ સમાજના ઘણાં નાણાંનો થતો દુર્વ્યય અટકાવી શકાય તથા ઘણી રાહત અને સરળતા રહે તથા આપણો સમાજ પ્રગતિ કરી સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે તેવી અમારી લાગણી છે.

મુશ્કેલ અને વિપરિત પરિસ્થિતિ અને સંજોગોમાં આપણા પરગણાની આ બેઠક મળી છે. ફક્ત જ્ઞાતિ હિતને જ લક્ષમાં રાખી ઘણી અગવડતાઓ અને મુશ્કેલીઓ વેઠીને આ બેઠકને સફળતા અપાવવા જ્ઞાતિ ભાઈઓએ જે અથાગ પરિશ્રમ અને સહાય કરી છે તે બદલ અમો સૌના ઋણિ છીએ અને આવા સંજોગોમાં જ્ઞાતિ ભાઈઓને જમવા, સુવા કે બીજી કોઈ તકલીફ પડી હોય તો તે બદલ અમે દિલગીર છીએ. અને આ આપણું, સહીયારૂં કામ હતું અને આપણે જ સમજીને પાર પાડવાનું હતું તેમ ગણી અમને દરગુજર કરે.

અંતમાં અમારા આમંત્રણને માન આપીને આપ સૌએ જે ઉદાર અને ભલી લાગણી બતાવી છે. તે બદલ આપ સૌ જ્ઞાતિ ભાઈઓનો અમો મહેસાણા ગામની સમસ્ત વસ્તી તરફથી આભાર માનીએ છીએ

મહેસાણા. લી. આપના સ્નેહાધિન

તા. ૩૦-૫-૭૫ **મહેસાણા રોહિત (ચમાર) સમસ્ત વસ્તી પંચ**

## મહેસાણા મુકામે મળેલા બસો બ્યાસી પરગણાના રોહિત (ચમાર) પંચે સર્વાનુમતે કરેલા ઠરાવો

બસો બ્યાસી પરગણાના સમસ્ત રોહિત (ચમાર) જ્ઞાતિના ભાઈઓનું જ્ઞાતિ પંચ સંવત ૨૦૩૧ના વૈશાખ વદ ૩ ને વાર બુધવાર તા. ૨૮-૫-૧૯૭૫ના રોજ મહેસાણા મુકામે મહેસાણાના જ્ઞાતિ ભાઈઓના આમંત્રણથી મળ્યું હતું. પંચે જ્ઞાતિ હિતને લક્ષમાં લઈ જ્ઞાતિમાં પ્રવર્તતી કુરૂઢિઓ અને કુરિવાજો દુર કરવા સારૂં લંબાણ ચર્ચા વિચારણા કરી આજની અસહ્ય મોંઘવારી અને બીજી મુસ્કેલીઓને ધ્યાનમાં લઈ એક મતે થઈ સમસ્ત જ્ઞાતિ પંચે નીચે મુજબના ઠરાવો કર્યા છે, જે નીચે મુજબ છે.

## બસો બ્યાસી પરગણાનું રોહિત (ચમાર) જ્ઞાતિનું સામાજીક વ્યવહારો અંગેનું બંધારણ.

### ઠરાવ નં. ૧ સગાઈ બાબત

૧ સગાઈ માટે દિકરીના મા-બાપ કે વાલી તરફથી દિકરાના મા-બાપ કે વાલીને સવા રૂપીયો આપવાથી સગાઈ થયેલી ગણાશે.

૨ સગાઈ કરવા સારૂં દિકરી પક્ષ તરફથી બે માણસોએ જવું.



૩ સગાઈ કરતી વખતે કંઈજ આપલે કરવાની નથી. વસ્તી કે ધર્માદા કે બીજા કોઈ નામે કંઈ લેવા દેવાનું નથી. બન્ને પક્ષોએ મગાને બ્રાહ્મણને ફક્ત રૂ. ૧| (સવા) આપવો.

૪ સગાઈ થયા પછી અનુકુળતાએ દિકરી પક્ષ તરફથી દિકરા પક્ષને ત્યાં ઘર જોવા સારૂં બે માણસો જાય. આ પ્રસંગે કંઈ પહેરામણી કે આપ લે કરવાની નથી

૫ સગાઈ થયા પછી અને લગ્ન થાય તે પહેલા કોઈપણ પ્રકારનો ગાહ લેવાનો કે આપવાનો નથી.

૬ પુરી તપાસ અને ચકાસણી કરીને સગું કરવું જેથી સગાઈ ફોક કરવાનો પ્રસંગ ઉભો થાય નહીં. સગાઈ થયા પછી કોઈ ચોક્કસ અને વ્યાજબી કારણ સિવાય સગાઈ તોડનાર ન્યાતનો ગુનેગાર ગણાશે.

ટીપ : સગપણ નીકળવાથી સગાઈ તોડવામાં આવશે તો ગુનો ગણવામાં આવશે નહિ

૭ સગાઈ થયા પછી હારડો, રાખડી, કાછલી-ગોળ, મીઠાઈની સાબડી કે બીજી કોઈ ચીજ આપવા લેવાની કે મોકલવાની નથી.

૮ બન્ને પક્ષો તરફથી કેળવણી ફંડમાં રૂા. બ બે આપવા. ઉપરોક્ત કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને દરેક કલમના ભંગ બદલ કસુરદારે દંડના રૂા. ૧૨॥ (સાડાબાર) આપવા પડશે.

### ઠરાવ નં. ૨ લગ્ન બાબત

૧ લગ્નનું મુહુર્ત બન્ને પક્ષની ઇચ્છાનુસાર નક્કી થશે. લગ્ન દિવસ નક્કી કરવા સારૂં કન્યા પક્ષ તરફથી એક માણસે દિકરા પક્ષને ત્યાં જવું અને તે ગામની વસ્તી રૂબરૂ મુહુર્ત જોવરાવી લગ્નનો દિવસ નક્કી કરવો.

૨ લગ્ન નક્કી કર્યા બાદ લગ્ન અગાઉ અનુકુળતાએ એક બે દિવસ અગાઉ ચાંલ્લાનો રૂપીયો આપવાનો રહેશે.

૩ વરઘડીયાની પ્રથા જે બંધ છે તે બંધ જ રહેશે આ ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે દંડના રૂા. ૫૧) (એકાવન) આપવા પડશે.

### ઠરાવ નં. ૩ લગ્નનું દાપું

૧ લગ્નનું ફક્ત એક જ દાપુ ઠરાવવામાં આવે છે. અને દાપાની રકમ રૂા. ૬૫૧) (છસોને એકાવન) નક્કી કરવામાં આવે છે

૨ દાપાની રકમના રૂા. ૬૫૧) (છસો એકાવન) વર પક્ષ તરફથી આવેલી જાન જમાડતી વખતે તળ ગામની વસ્તી મળી હોય તેની રૂબરૂ આપવાની છે અને આ દાપાની વ્યવસ્થા તળ ગામની વસ્તીએ નીચે પ્રમાણે કરવાની છે

રૂા. ૬૦૧) (છસોને એક) દાપાના ધરધણીને

રૂા. ૪૦) (ચાળીસ) નજીકના સગાંઓ સમસ્ત

રૂા. ૨) (બે) મેળામણીના

રૂા. ૨) (બે) ગુરૂ મંદિર

રૂા. ૧) (એક) ચઉતરાનો
રૂા. ૧) (એક) પરબને
રૂા. ૧) (એક) ધર્માદા–દેવસ્થાન
રૂા. ૨) (બે) હજામને
રૂા. ૧) (એક) ઢોલીને

રૂા ૬૫૧) કુલ

તે ઉપરાંત કંઇ વધારાની રકમ આપવાની નથી કંઈ વધુ રકમ આપેલી જણાશે તો તે વધુ રકમ જ્ઞાતિ પંચ લઈ લેશે.

૩ તે ઉપરાંત વરપક્ષ તથા કન્યા પક્ષ દરેકે બ્રાહ્મણને ભોમસદના રૂપીયા પાંચ પાંચ મળીને રૂપીયા ૧૦ (દશ) આપવા.

૪ બ્રાહ્મણને માંડવાનું તોરણ, ચોરી, ભાણું, ભાગોળ તેમજ લગ્નની તમામ વિધિ બદલ ઉપર જણાવેલ ભોમસદ ઉપરાંત રૂપિયા ૨॥ (અઢી) વરપક્ષ તરફથી આપવા તે સિવાય વર પક્ષે તથા કન્યા પક્ષે બ્રાહ્મણને કંઈ વધારાની રકમ આપવાની નથી.

૫ માંડવાના તોરણે સાસુ સામૈયામાં ફક્ત શ્રીફળ બદલવાનું છે. અખોખામાં કંઈ રકમ નાખવાની નથી.

૬ બન્ને પક્ષ તરફથી રૂપીઆ પાંચ પાંચ કેળવણી ફંડના આપવા.

૭ દાપાની રકમ વસ્તી પંચ રૂબરૂ વરપક્ષ તરફથી અપાઇ ગયા પછી ઉપર જણાવેલ કલમ નં. ૨ માં જણાવેલ વિગત પ્રમાણેનો વહેવાર તળગામની વસ્તી પંચે કરવો. દાપા ઉપરાંત કંઇ વધુ રકમ વરપક્ષ પાસેથી લેવાની નથી, કન્યા પક્ષનાં સગાં, બ્રાહ્મણ, હજામ કે ઢોલી કોઈને વર પક્ષ પાસે કંઈ માંગણી કરવા જવા દેવા નહીં. તે અંગેની તકેદારી રાખવાની જવાબદારી તળગામની વસ્તી પંચની છે

૮ પંચ મહાજનો અને પંચ પરખામણી બંધ કરવામાં આવે છે. તેના નામથી કંઇપણ રકમ લેવા દેવાની નથી.

૯ દાપા ઉપરાંત વધુ પૈસા આપનાર અને લેનાર બન્ને ગુનેગાર ગણાશે અને દાપા ઉપરાંત વધુ આપેલા પૈસા જ્ઞાતિ પંચ લઇ લેશે.

૧૦ વળત :– ( ચોરીના સમય દરમ્યાન આપવું )
કન્યા પક્ષે વર પક્ષને નીચે પ્રમાણેનું વળત આપવુ.
૧ ત્રાંબાનું કડા વગરનું બેડું નંગ ૧
૨ બાજવટ
૩ અમર દીવો (રામન દીવો)
આ શિવાય કોઇપણ પ્રકારનું બીજું વળત આપવાનું નથી. વધારે આપનાર તેમજ લેનાર ગુનેગાર ગણાશે.

ઉપરોક્ત કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેના ભંગ બદલ કસુરદારે દંડના રૂપીયા ૫૧ (એકાવન) આપવા પડશે.



## ઠરાવ નં. ૪ જાન અને તે અંગેનો વહેવાર

૧ નક્કી કરેલા મુહુર્તના દિવસે વરપક્ષે સમયસર જાન લઇ આવવાનું રહેશે. પરંતુ કુદરતી આફત કે અકસ્માત બને અને નક્કી કરેલા દિવસે જાન લઈ જવી અશક્ય બને તો વરપક્ષના તરફથી એક માણસે અગાઉથી વખતસર કન્યા પક્ષને ત્યાં જવું અને તાત્કાલિક તેની જાણ કરવી અને પછીથી બન્ને પક્ષે મળીને બીજું મુહુર્ત જોવડાવી તે મુહુર્તે જાન લઈ જવી.

૨ ઉપર પ્રમાણે તાત્કાલિક સમયસર ખબર આપવામાં ન આવે અને તેથી કન્યા પક્ષને ઈરાદાપૂર્વક ખોટું ખર્ચ કરાવવામાં આવે તો તે બદલ થયેલી નુકશાની વરપક્ષે કન્યા પક્ષને ભરપાઈ કરવાની રહેશે. અને તેને માટે કસુરદાર ગુનેગાર ગણાશે અને તેણે આ ગુન્હા બદલ રૂા. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

૩ જાનમાં જાનૈયાની સંખ્યા વર સહિત ૩૧ (એકત્રીસ) ની નક્કી કરવામાં આવે છે, તેથી વધુ જાનૈયા લઈ જનાર નાતનો ગુનેગાર ગણાશે.

૪ ગામમાં જાન આવે તેવી ઝાંપે રોકયા સિવાય સીધી માંડવે જાય તે સમયે કન્યા પક્ષની વસ્તીએ જાનૈયાની સંખ્યા ગણી લેવાની રહેશે અને નક્કી કરેલ વર સહિત જાનૈયાની સંખ્યા ૩૧ (એકત્રીસ) કરતાં વધુ જણાય તો વધારાના જાનૈયા કન્યા પક્ષ માંડવેથી પાછા મોકલશે. નાના બાળકોની ગણત્રી પણ ૩૧ (એકત્રીસ) ની સંખ્યામાં ગણાશે.

૫ જાન માંડવે જાય તે પછી નાહી ધોઈ જાન જમ્યા બાદ દાપાની રકમ વસ્તી પંચ સમક્ષ આપી દેવી. તેની બ્રાહ્મણ મારફતે કંઈ ફરગત કરવી નહીં.

૬ જાન એક જ રાત રોકાશે. તેથી વધુ રોકાશે નહીં તેથી વધુ સમય માટે રોકાનાર તથા રોકનાર બન્ને નાતના ગુનેગાર ગણાશે. રાત્રે લગ્ન વિધી પ્રત્યા પછી બીજે દિવસે સવારમાં ઘર ધણીની ચાહ પીને જાને વિદાય લેવી.

૭ જાનને એક જ ટંકનું ભોજન આપવાનું રહેશે. ભોજનમાં શિરો–દાળ–ભાત આપવાં. તે શિવાય નાસ્તો કે બીજું કંઈ આપવાનું નથી

૮ સગાં સંબંધીઓ કે કુંવાસીઓ તરફથી વરને કાછલીઓ આપવાની પ્રથા આંદતર બંધ કરવામાં આવે છે અને કાછલીઓને નામે સગા સંબંધીઓને કંઈ પણ રકમ આપવાની નથી.

૯ દિકરીના લગ્નનું ઝાંપાનું તોરણ બંધ કરવામાં આવે છે, જાન સીધી માંડવે આવે તે વખતે સાસુ સામૈયાથી માંડવાના તોરણે વરને પોંખી લેવો. દિકરાના લગ્નનું ઝાંપાનું તોરણ બાંધવાની છુટ છે.

૧૦ જાનવાળાઓને ફક્ત માંડવાની જ ચાહ આપવી. વાસ વસ્તી કે સગા સંબંધીઓ કન્યા પક્ષના કુટુંબીઓ તરફથી જાનને ચાહ પીવાની બંધ કરવામા આવે છે. માંડવાની ચાહ સિવાય બીજાં કોઈએ ચાહ પીવડાવવાની નથી.

૧૧ વાજીંત્રો, જેવા કે બેન્ડ વાજાં અને રેકોર્ડીંગ બંધ કરવામા આવે છે. ફક્ત ઢોલ વગાડવાની છુટ છે. પરંતુ ઢોલે નાચવાનું બંધ કરવામા આવે છે.

૧૨ વરઘોડા અને બગીમાં કે વરઘોડા સાથેની મોટરમાં બેસાડીને જાન લઇ જવાનું બંધ કરવામાં આવે છે. ઘોડા ગાડી કે રીક્ષામાં જાન લઈ જવાની છુટ છે.

૧૩ વરનો ખુંપ, માંડીયો, કલગી, કલગી ઉપર બેટરીનું લાઈટ કરવાનું બંધ કરવામાં આવે છે. ગલાલ, રંગ છાંટણા તથા કન્યાને મશરૂં તથા લીલોતરીના કપડાં તથા વર કન્યાના ગળામાં કોપરાની કાછલીઓ તથા બીજા હારડા નાખવાની જુની પ્રથા બંધ છે તે કાયમને માટે બંધ કરવામાં આવે છે.

૧૪ પરણવા જનાર દિકરો પોતાને યોગ્ય લાગે તે પોષાક પહેરી શકે છે

૧૫ ખુંપને બદલે વરને ઘેરથી નીકળતી વખતે ફુલહાર અને ગુલછડી આપવા.

૧૬ વર પક્ષના સગા સંબંધીઓએ ફુલહાર, કલગી કે બીજી કંઈ સાધન લાવવાના નથી

૧૭ જાનમાં વરના પિતા અગર વડીલ વાલી ખાસ જાય.

૧૮ લગ્નના જુના રિવાજો જેવા કે,

૧ ઝાંપે ગળ્યું પાણી, પેંડીયાંનો રિવાજ

૨ જાનીવાસાનો પીરસો .

૩ લગ્નના તમામ રમકલા

૪ ભાણા તથા ભાગોળ ઉપર કરવામાં આવતી ફરગત, ઘર ભમરી, પાન અને ઘોરાળી વિગેરે

૫ લગ્ન અને બીજા પ્રસંગે અશ્લીલ ફટાણાં ગાવાં

૬ માંડવો જોવાની પ્રથા

વિગેરે જુના રિવાજો જે બંધ કરેલા છે તે બંધ જ રહેશે, તેનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

૧૯ જાનમાં બ્રાહ્મણ અને હજામને લઈ જવા નહીં,

૨૦ ચોરી દંડી કરવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

૨૧ રાત્રે શુભ મુહુર્તે લગ્ન કરવાં અને લગ્ન પત્યા પછી સવારમાં ઘર ધણીને ત્યાં ચાહ પીને જાને પોતાના ગામ તરફ પ્રયાણ કરવું અને કન્યા પક્ષે સવારમાંજ જાનને વળાવવી, રોકવી નહીં. ચાહ પીધા પછી જાને પણ રોકાવાનું નથી.

૨૨ પરણીને જાન ઘેર આવે તે વખતે જાન બીજાને ત્યાં ન બેસાડતાં જાનને દિવસનો ગમે તે ટાઈમ હોય તે ટાઇમે સીધીજ પોંખી લેવા. કન્યાનું ઉંજણું પોંખતી વખતે છાશ ઢોળવાની પ્રથા બંધ કરવામાં આવે છે. અને તેને બદલે ચોખા (અક્ષત)થી શ્વસુર ગૃહને વધાવી ઘરમાં પ્રવેશ કરવો

૨૩ ઉજણા તથા પાટ બંધણા વખતે કન્યા પક્ષે વર પક્ષના બ્રાહ્મણને ફકત રૂપીયો ૧ા (સવા) આપવો.

૨૪ વર પક્ષે દિકરાના લગ્ન પુરતા તેમના ગામોટ કે બ્રાહ્મણને રૂા. ૩) (ત્રણ) આપવા તેથી વધુ આપવા નહીં.

૨૫ જાન પરણીને આવે કે આણું કરીને આવે ત્યારે પગે લાગવાની તથા ખોળો નાખવાની જુની પ્રથા બંધ કરવામાં આવે છે. કન્યાએ ફકત નમીને બે હાથ જોડીને વડીલ વર્ગને નમન કરવાનું રહેશે.



૨૬ પરણીને કે આણું કરીને સાસરે ગયેલી કન્યાએ પગે ટકા મુકવાની પ્રથા બંધ કરવામાં આવે છે. ફકત બે હાથ જોડીને છેટેથી વડીલને નમન કરવાનું રહેશે.

૨૭ અણવરને રૂપીઆ ૧૦ (દશ) રોકડા આપવા.

૨૮ બ્રાહ્મણને કોઈપણ જાતનું તોરણ બાંધવાનું બંધ કરવામાં આવે છે.

ઉપરોકત કલમો પૈકી કોઈપણ પેટા કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે દંડના રૂપિયા ૫૧) (એકાવન) આપવાના રહેશે.

**ઠરાવ નં. ૫ આણું તેડવા બાબત**

૧ આણાના દાપાની રકમ રૂપિયા ૨૫૧) (બસોને એકાવન) ઠરાવવામાં આવે છે.

૨ વર પક્ષ તરફથી આણું તેડવા બે માણસો જાય.

૩ વર પક્ષ તરફથી આણું તેડવા જાય ત્યારે આણાના રૂા ૨૫૧) (બસોને એકાવન) કન્યા પક્ષની વસ્તીની રૂબરૂ વર પક્ષે આપવા.

૪ આણું કરતાં અગાઉ આણાવટના પૈસા ભરવા આઠ દિવસ અગાઉ જવાનું છે આણાવટની રકમ ભરવા ફકત એક જ માણસે જવાનું છે, તે વખતે આણું ભરવા આવનારને રૂા. ૫) (પાંચ) આપવા.

૫ આણા પ્રસંગે કોઇપણ જાતની ફરગત કરવી નહીં કે બીજા પૈસા વહેંચવા નહીં.

૬ વધુ રકમ લેનાર કે આપનાર નાતનો ગુનેગાર ગણાશે અને જો વધુ રકમ લીધી હશે તો તે જ્ઞાતિ પંચને સોંપવી પડશે.

૭ પંચ મહાજનો અને વસ્તીને નામે કંઈ આપવા લેવાનું નથી.

૮ કેળવણી ફંડમાં ~~બન્ને પક્ષોએ દરેક~~ [દિકરાપક્ષે] રૂપીયા પાંચ પાંચ આપવા.

૯ આણું તેડવા આવનાર મુખ્ય સગાને રૂા ૭) (સાત) અને તેની સાથેના સગાને રૂા. ૩) (ત્રણ) પાઘડીના કરીને આપવા.

૧૦ લગ્ન તથા આણા જેવા પ્રસંગોમાં વડીલ સ્ત્રીઓને પગે લાગીને જે ટકા મુકવામાં આવે છે. અને પગ દબાવવાની પ્રથા છે તે તથા વડીલ પુરૂષ વર્ગને ખોળો નાખવાની પ્રથા છે તે જુના રિવાજો સદંતર બંધ કરવામાં આવે છે.

૧૧ આણું કરવા જાય ત્યારે ફકત એક જ રાત રોકાવું

૧૨ વળતું આણું તેડવા આવનાર કન્યાના ભાઈને રૂા ૫) (પાંચ) ધોતીના કરીને આપવા

૧૩ ઉપરોકત કલમો વિરૂદ્ધ વર્તનાર કે વધારે પૈસા આપનાર અને લેનાર બન્ને નાતના ગુનેગાર ગણાશે અને વધુ પૈસા આપેલા સાબીત થશે તો તે વધુ નાણાં નાત લઇ લેશે.

ઉપરોકત કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે. અને કસુરદારે દરેક કલમના ભંગ બદલ દંડના રૂા. ૫૧) (એકાવન) આપવા પડશે.

---

**નોંધ** – ઠરાવ નં ૧ સગાઇ બાબતની કલમ (૧) નીચે મુજબ વાંચવી

(૧) સગાઈ માટે દિકરીના મા-બાપ કે વાલી તરફથી દિકરાના મા-બાપ કે વાલીને એક શ્રી ફળ સાથે સવા રૂપિયો આપવાથી સગાઈ થયેલી ગણાશે.

**ઠરાવ નં. ૬ બાળ લગ્ન બાબત**

૧ બાળ લગ્ન કરવું નહીં.
૨ દિકરા દિકરીની ઉમર સરકારી કાનુનથી ઠરાવી હોય તે જ ઉમરે લગ્ન કરવાં.
૩ દિકરા દિકરી પુખ્ત ઉમરના થયા પછી જ લગ્ન અને આણું કરવાં.
ઉપરની કલમને ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તે બદલ તેણે દંડના રૂા. ૫૧) (એકાવન) આપવાના રહેશે.

**ઠરાવ નં. ૭ ચાંલ્લે કન્યા આપવા બાબત**

૧ કોઈપણ જ્ઞાતિ ભાઇ પોતાની દિકરીને નીચેના વ્યવહાર પ્રમાણે ચાંલ્લે કન્યા (કંકુ કન્યા) દઈ શકશે.
૨ કંકુ કન્યાના લગ્નમાં જાનૈયાની સંખ્યા, જમણ, જાનને રોકાવાનો સમય અને વળત વિગેરે દાપાની જાનના વહીવટ મુજબ રહેશે.
૩ ચાંલ્લે આપેલી કન્યાનું આણું તેડવા બે માણસોએ જવું. તેમણે કન્યા પક્ષને કંઈપણ રકમ આપવાની નથી. કે બીજો કોઈ વહેવાર કરવાનો નથી,
૪ આણું તેડવા આવનારને કન્યા પક્ષ તરફથી મુખ્ય સગાને રૂા. ૫) (પાચ) અને સાથેના બીજા સગાને રૂા. ૩) (ત્રણ) પાઘડીના કરીને આપવા.
૫ જો કોઈ જ્ઞાતિ ભાઈ ઘરના પૈસા આપી, લાલચ આપી કંકુ કન્યાનું નામ પડાવશે તો તે ગુનો ગણાશે. તેવી રીતે પૈસા આપનાર અને લેનાર બન્ને ગુનેગાર ગણાશે. તેવી રીતે આપેલા પૈસા નાત લઈ લેશે અને ગુના બદલ દરેકે રૂા. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૮ પુર્નલગ્ન બાબત**

૧ ન છોરવી કન્યાના દાપાના રૂા. ૫૦૧) (પાંચસોને એક) ઠરાવવામાં આવે છે.
૨ છોરૂની મા થએલી કન્યાના દાપાના રૂા. ૪૦૧) (ચારસોને એક) ઠરાવવામાં આવે છે.
૩ કન્યા તેડવા માટે બન્ને વહેવારોમાં ૭ (સાત) માણસો જાય અને ફકત એકજ રાત રોકાય.
૪ બન્ને વહેવારોમાં જમણમાં શિરો, દાળ-ભાત આપવા, ભોજન ફકત એક જ ટંક આપવાનું છે.
૫ હાંસડી ચઢાવવાની પ્રથા બંધ કરવામાં આવે છે.
૬ પહેલુ શકિત મુજબ લાવે
૭ બીજી કંઇ ફરગત કરવાની નથી કે કંઈ આપવા લેવાનું નથી દાપા શિવાય કંઇ વધુ લેવાનું નથી કે કંઈ પૈસા વહેંચવાના નથી જો દાપા કરતા વધારે કંઇ રકમ અપાશે, લેવાશે તો તે રકમ નાત લઇ લેશે અને આપનાર લેનાર બન્ને ગુનેગાર ગણાશે.
૮ પહેલુ ચઢાવ્યા બાદ જમણ લેવાનું રહેશે.
૯ વસ્તી પંચ કે પંચ મહાજનના નામથી કંઈ લેવા દેવાનું નથી.
૧૦ ચાંલ્લે આપેલી કન્યાનું પુર્નલગ્ન થઈ શકશે.



૧૧ ઘર ધણીને ઘેર જ ચાહ પીવી. વાસમાં કે સગાને ત્યાં ઘેર ઘેર ફરી ચાહ પીવા અગર પાવાની પ્રથા બંધ કરવામાં આવે છે. ચાહના નામથી કંઈ જ પૈસા આપવાના નથી.

૧૨ ધર્માદા :-
રૂા. ૧) મંદિર
રૂા. ૫) બ્રાહ્મણ-ગામોટને
રૂાં. ૧) ધર્માદા
રૂાં. ૨) હજામને
બ્રાહ્મણ કે ગામોટને ફકત રૂા. ૫) (પાંચ)થી વધારે કંઇ આપવાનું નથી.
~~૧૩ બન્ને વહેવારોમાં વળતના રૂા. ૫) (પાંચ)~~ આપવા.
૧૪ કન્યાનો ભાઈ વળતું આણું તેડવા જાય ત્યારે તેને રૂા. ૫) (પાંચ) ધોતીના કરીને આપવા.

૧૪ વળત :-
૧ નછોરવી કન્યાનુ. રૂા. ૨૫) (પચીસ) રોકડા.
૨ છોરૂની માતું રૂા. ૧૫) (પંદર) રોકડા.
ઉપરની કલમોનો ભંગ કરનાર અગર કરાવનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે રૂા. ૫૧) (એકાવન) પ્રત્યેક કલમવાર દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૯ સીમંત બાબત :-**

૧ દિકરીના સીમંત પ્રસંગે કોઈપણ જ્ઞાતિ ભાઇ પોતાની દિકરી અને જમાઇને પોતાની શકિત મુજબ મામેરૂં આપી શકશે, પરંતુ મામેરાની રકમનો ટહુકો પાડી શકાશે નહીં. મામેરામાં કપડાં કે દાગીના જે આપવાના હશે તે આપી શકાશે. અને તે શ્રી કૃષ્ણાર્પણ થયેલા ગણાશે. મામેરામાં આપેલ દાગીના સ્ત્રી ધન ગણાશે અને તે ઉપર દિકરીનો અધિકાર રહેશે.
૨ મામેરા પ્રસંગે વેવાઈ વેવાણને કે તેમના કોઈ કુટુંબી કે સગાને કોઈપણ રીતે કંઈપણ આપવાનું નથી.
૩ સિમંતના મામેરામાં પાંચ માણસો જાય, આ પાંચ માણસોમાં સગા અને નાના બાળકોની ગણત્રી થશે.
૪ સગાઓએ સાડલા-ધોતીયાની પાંખોર આપવા જવાનું બંધ કરવામાં આવેછે સાડલા ધોતીઆ જેણે આપવાં હોય તેણે તેમના તરફના સાડલા ધોતીઆ ઘરધણી સાથે
૫ મોકલવા. સિમંતના મામેરામાં કોઈપણ પ્રકારનું વાસણ કે ગોળો આપવા નહિ આપનાર અને લેનાર બન્ને ગુનેગાર ગણાશે.
૬ સિમંતમાં જમણમાં ફકત એક જ ટંક ભોજન આપવાનું રહેશે. મહેમાન આવે તે દિવસે સાંજે શાક રોટલાં કે દાળ રોટલા આપવા અને શિરો દાળ-ભાતનું જમણ મામેરૂં લીધા પછી અપાશે જમણ લીધા પછી રોકાવાનું નથી. ઓઢામણી

પહેરામણી જે કરી હોય તે તેવખતે જ કરી લેવી, સીમંતના મામેરામાં પાથોરના સાડી-ધોતીઓ જે આવે તેને ઓઢામણીમાં જુના રિવાજ પ્રમાણે આપવું.

૭ સીમંતમાં કંકોત્રી લખવી, ડીનર પાર્ટી ગોઠવવી કે લાઉટ સ્પીકરથી રેકોર્ડીંગ વગાડવાનું બંધ કરવામાં આવે છે. છાંયા સારૂં મંડપ બાંધવાની છુટ છે, પરંતુ વધારે લાઇટ કે બીજું ડેકોરેશન કરવાનું નથી.

૮ સીમંતવાળી બાઇનું પાટ બંધણુ કરવું નહિં.

૯ સીમતના મામેરાના પ્રસંગોમાં ચોખા ખવરાવાનો જે રિવાજ બંધ છે તે બંધ જ ગણવાનો છે.

૧૦ મામેરા પ્રસંગે કે તે પછી પણ કોઈપણ જાતના મેણાં ટાંણાં મારવા નહીં કે કે રોકટોક કરવી નહીં તેમ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

૧૧ મામેરાના પ્રસંગોમાં બેન-ભાઇને ચાંહલો કરવા આવે ત્યારે ભાઇએ ફક્ત રૂ. ૧) (એક) ચાંહલામાં આપવો. વધુ આપનાર અને લેનાર નાતનો ગુનેગાર ગણાશે.

૧૨ સીમંતના મામેરામાં મામેરીયા સમસ્ત રૂ. ૧૦) (દશ) ધોતીના કરીને આપવા

૧૩ સીમંતની વિધિ પત્યા પછી સમય અનુકુળ હોય અને દિકરીના પિયેરીયા તેડી જવા માંગતા હોય તો દિકરીને તેના પિંયર મોકલવી, રોકાણુ કરવું નહીં.

૧૪ બ્રાહ્મણને સીમંત પ્રસંગે રૂ. ૩) દક્ષિણાના આપવા, તેથી વધારે આપનાર નાતનો ગુનેગાર ગણાશે.

૧૫ સીમંત પછી સુવાવડ પ્રસંગે દિકરીના સાસરીયા પક્ષે સાડલા પહેરવા જવાનું બંધ કરવામાં આવે છે, તે સમયે ઘી, ગોળ કે બાળક માટે કપડાં લઇ જવાનું નથી. દિકરી બિમાર હોય તો સાદી ખબરે જવું પણ સાડલા પહેરવાના નથી. ઉપરોક્ત કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે પ્રત્યેક કલમવાર રૂ. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૧૦ ભાણા-ભાણીના લગ્ન પ્રસંગે મામેરાં :-**

૧ પ્રથમ ભાણા-ભાણીના લગ્ન પ્રસંગે મામેરામાં ફક્ત રૂ. ૧૦૧) (એકસોને એક) તથા દિકરીને એક જોડ કપડા આપવા.

૨ પાછળના બીજા ભાણા-ભાણીના લગ્ન પ્રસંગે મામેરામાં ફક્ત રૂ. ૫૧) (એકાવન) રોકડા આપવા.

૩ કોઈપણ ભાઈની શકિત ન હોય અને ઉપર પ્રમાણે ન આપી શકે તો તેથી ઓછું મામેરૂં આપે તેને છુટ છે.

૪ પર પરગણાની કન્યાના ભાણા-ભાણેજના લગ્ન પ્રસંગે કન્યા તેના વહેવાર પ્રમાણે વર્તવું.

૫ આ મામેરામાં ફક્ત એક જ માણસે જવું ખાસ કરીને એનના ભાઈએજ જવું

૬ બેન ચાંહલો કરે ત્યારે તેને રૂ. ૧) (એક) આપવો.

૭ ઉપરના મામેરા સિવાય મામાએ દાપુ ભરવાનું નથી કે વર વાધો આપવાનો નથી. બીજા કોઇ ને કંઈપણ આપવાનું નથી,



૮ આ મામેરામાં બ્રાહ્મણને ફકત રૂ. ૧) (એક) મામેરીઆ તરફથી આપવો. મામેરાની કંઈ ફરગત કરવાની નથી.

ઉપરની કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે કલમવાર ગુના બદલ નાતને રૂ. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૧૧ કારજ અંગેના મામેરા બાબત :-**

૧ મા-બાપ પાછળના કોઇપણ કારજ પ્રસંગે મામેરૂં આપવાનો પ્રસંગ ઉભો થાય તો રૂ. ૨૫) (પચીસ) રોકડા મામેરા તરીકે આપવા. બીજા કપડાં કે દાગીના આપી શકાશે નહિ.

૨ વસ્તી જમાડવાના પ્રસંગે કંઇ મામેરૂં આપવાનું નથી.

૩ આ રૂપીયા ૨૫) (પચીસ) વસ્તી રૂબરૂ આપવા તેમાં બ્રાહ્મણ મારફતે કંઇ ફરગત કરવાની નથી.

૪ મામેરામાં ફક્ત એકજ માણસે જવું.

ઉપરની કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તે બદલ બંને પક્ષ જવાબદાર ગણાશે અને દરેક પક્ષનો રૂ. ૫૧) (એકાવન) દંડ લેવામાં આવશે.

**ઠરાવ નં. ૧૨ ઝીયાણું કરવા બાબત :-**

૧ ઝીયાણામાં દિકરીને ફક્ત એક જોડ કપડાં કરવાં.

૨ એક ઘોડિયું આપવું

૩ ઝીયાણાનું આણું તેડવા ફક્ત એકજ જણ જાય.

૪ ઝીયાણાનું આણું કરવા આવનારને રૂ. ૫/- (પાંચ) આપવા.

ઉપરની કલમનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તે બદલ નાતને રૂ. ૧૨ાા (સાડાબાર) દંડ આપવાનો રહેશે.

**ઠરાવ નં. ૧૩ બીજા પરગણામાંથી કન્યા લાવવા બાબત -**

કોઈપણ ભાઇને બીજા પરગણામાંથી કન્યા લાવવી હશે તો કન્યા ત્યાંનું દાપું તે મુજબના વહેવારથી વર્તવાનું રહેશે.

**ઠરાવ નં. ૧૪ ફારગતી બાબત :-**

દાપાવાળી બાઈની ફારગતી બાબત :-

૧ પરણેતર સ્ત્રી પોતાના પતિથી છુટી થવા માંગતી હશે તો વ્યાજબી કારણો હશે તો તેના છુટાછેડા થઈ શકશે અને રૂ. ૬૫૧) (છસોને એકાવન) દિકરાના બાપને આપેથી અને રૂ. ૫૧) (એકાવન) જ્ઞાતિને દંડ આપેથી છુટી થઈ શકશે

૨ કોઈપણ પુરૂષ પોતાની સ્ત્રીને રાખવા માગતો ન હોય અને છુટાછેડા આપવા માગતો હોય તો વ્યાજબી કારણો હશે તો તેણે કોરા કાગળે ફારગતી આપવી

પડશે. એટલે કે કન્યા પક્ષ પાસેથી તેણે કંઈપણ લેવાનું નથી. પરંતુ ફારગતી બદલ રૂા ૧૦૨) (એકસોને બે) તે સ્ત્રીના ખોળે ઘાલે અને તેના બધા દાગીના તેને પાછા આપવાના રહેશે. અને ફારગતી બદલ દંડના રૂા. ૫૧) (એકાવન) નાતને આપવાના રહેશે.

૩ કોઈપણ પુરૂષ તોફાની, દારુડીયો અને સ્ત્રીને મારઝુડ કરી ત્રાસ આપતો હોય અગર નપુંસક હોય તો તે સ્ત્રી તેની મરજી હશે તો તેના પતિથી છુટાછેડા યાને ફારગતી લઈ શકશે પુરૂષ નપુંસક જણાય તો તે બાબત ડૉકટરનો અભિપ્રાય મેળવવાનો રહેશે આવા છુટાછેડા બાબત પુરૂષ પક્ષ ગુનેગાર ગણાશે અને તેણે તે બદલ નાતને રૂા. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

૪ કોઈપણ સ્ત્રી તેના મા-બાપને ઘેરથી તેનો પતિ હયાત હોવા છતાં બીજા પુરૂષ સાથે નાસી જાય અગર બીજાના ઘરમાં પેસે અને તેના મા-બાપ કે તેના પિયેરીયા તેવી દિકરી સાથે સંબંધ રાખતા જણાય તો તેને ભગાડવામાં તેઓ જવાબદાર છે. તેથી દિકરીનાં મા-બાપ રૂા. ૫૦૧) (પાંચસોને એક) વરપક્ષને ફારગતી બદલ આપે અને નાતના ગુના બદલ રૂા. ૧૦૨) (એકસોને બે) આપે

૫ કોઈપણ પુરુષ પોતાની સ્ત્રી હયાત હોવા છતાં પારકી દિકરી અથવા સ્ત્રીને લઈને નાસી જાય તો પોતાની પ્રથમ સ્ત્રીને, તેની મરજી હોય તો કોરા કાગળે (એકપણ પૈસો લીધા શિવાય) છુટી કરવી પડશે. એટલે કે છુટાછેડા આપવા પડશે. અને પારકી સ્ત્રીને ઘરમાં ઘાલશે તો પ્રથમ સ્ત્રીની વિનંતીથી આવી બીજી સ્ત્રીને છુટી કરવી પડશે અને પારકી દિકરી અગર સ્ત્રીને ઘરમાં ઘાલવા બદલના ગુના બદલ રૂા. ૧૦૨) (એકસોને બે) નાતને આપવા પડશે,

૬ ચાંહલે આપેલી પરણેતર સ્ત્રીને વ્યાજબી કારણ સિવાય તેનો પતિ છુટાછેડા આપે તો છુટાછેડા આપનાર પુરુષ રૂા. ૫૦૧) (પાંચસોને એક) નાતને ગુના બદલ આપે અને દીકરીના બાપ તરફથી આપવામાં આવેલા બધાજ દાગીના દીકરીના બાપને પરત કરવાના રહેશે.

૭ ચાંહલે આપેલી સ્ત્રી વ્યાજબી કારણ સિવાય પોતાને સાસરે રહેવા માંગતી ન હોય તો અને તેને છુટાછેડા યાને ફારગતી મેળવવી હશે તો તે મેળવી શકશે આ છૂટાછેડા બદલ પુરૂષ પક્ષને કંઈ આપવાનું નથી. પરંતુ કન્યા પક્ષે નાતને રૂા. ૧૦૨) (એકસોને બે) દંડના આપવાના રહેશે.

૮ નછોરવી કન્યાનું પુર્નલગ્ન થયા પછી કોઈપણ સ્ત્રી પોતાના પતિથી છુટી થવા માગતી હશે તો વ્યાજબી કારણો હશે તો તે છુટી થઈ શકશે. તે કન્યાનો બાપ રૂા. ૫૦૧) (પાંચસોને એક) મુરતીયા પક્ષને આપી તેના પતિથી ફારગતી યા ને છુટાછેડા લઈ શકશે. અને ફારગતીના ગુન્હા બદલ નાતને રૂા. ૫૧) (એકાવન) દંડના આપશે.



૯ છોરુની મા થએલી સ્ત્રીનું પુર્નલગ્ન થએલું હશે અને પુર્નલગ્ન થયા પછી કોઈપણ સ્ત્રી વ્યાજબી કારણો હશે તો તેના પતિથી છુટી થઈ શકશે. તે બદલ તે દીકરીના બાપે રૂા ૪૦૧) (ચારસોને એક) દિકરાના બાપને આપીને છુટા છેડા યાને ફારગતી લઈ શકશે, અને આ ફારગતીના ગુના બદલ નાતને રૂા. ૫૧) (એકાવન) દંડ આપવો પડશે,

૧૦ જો કોઈપણ પુરૂષ પુર્નલગ્ન કરેલી સ્ત્રીને રાખવા ન માગતો હોય તો વ્યાજબી કારણો હશે તો તે પોતાની તે સ્ત્રીથી છુટાછેડા યાને ફારગતી લઈ શકશે. અને તે ફારગતી ઉપર જણાવેલી કલમ નં. ૨ પ્રમાણે થઈ શકશે, અને કલમ નં. ૨ ના વ્યવહાર પ્રમાણે વર્તવું. દંડપણ તેમાં જણાવ્યા પ્રમાણે આપવો પડશે.

૧૧ ચાંહલે આપેલી અગર પુર્નલગ્ન કરેલી સ્ત્રીના છુટા છેડા ઉપરની કલમ નં. ૩ માં જણાવેલા કારણોસર પણ થઈ શકશે અને તે બદલ કલમ નં. ૩ માં જણાવેલ વહેવાર પ્રમાણે વર્તવું.

**ઠરાવ નં. ૧૫ એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરવા બાબત :-**

૧ કોઈપણ પુરૂષ એક હયાત સ્ત્રી ઉપર પત્નિ બીજી કરી શકશે નહીં.

૨ કોઈપણ પુરૂષ એક સ્ત્રી હયાત હોવા છતાં તે સ્ત્રીની મરજી વિરૂદ્ધ બીજી સ્ત્રી કરશે તો તેણે પ્રથમ સ્ત્રીને તેની મરજી હોય તો ફારગતી યાને છુટા છેડા લખી આપવા પડશે અને બીજી સ્ત્રી કરવા બદલ તે પુરૂષ ગુનેગાર ગણાશે અને તે ગુના બદલ તેણે દંડના રૂા. ૧૦૨) (એકસોને બે) નાતને આપવા પડશે.

૩ સંતાન નહીં હોવાને કારણે કોઈપણ પુરૂષ પોતાની પ્રથમસ્ત્રીની સંમતિ અને સહકાર લઈ બીજી સ્ત્રી કરશે તો નાતને હરકત નથી પરંતુ સરકારી કાનુન અંગેની જવાબદારી તેવા પુરૂષને શિરે રહેશે. જો કોઈ જ્ઞાતિ ભાઈ ચિરજોરીથી તથા પ્રથમ સ્ત્રીની અવગણના કરી તેની મરજી વિરૂદ્ધ બીજી સ્ત્રી કરશે તો તે નાતનો ગુનેગાર ગણાશે અને તે ગુના બદલ તેણે નાતને રૂા ૧૦૨) (એકસોને બે) દંડના આપવા પડશે.

૪ કોઈપણ પુરૂષ બીજી સ્ત્રી કર્યા પછી બીજી સ્ત્રીને મારઝુડ કરે કે હેરાન કરશે. કે કોઈપણ પ્રકારની સતામણી કે ત્રાસ આપશે અગર તેણીનું ભરણ પોષણ નહીં કરે તો તે સ્ત્રીની અરજ ઉપરથી તેને રહેવાનું ઘર અને તેના ભરણ પોષણની વ્યવસ્થા કરવાનું તે પુરૂષ માથે ફરજીયાત ગણાશે તેમ નહીં કરે તો તેવો પુરૂષ નાતનો ગુનેગાર ગણાશે અને તે ગુના બદલ તેણે દંડના રૂા, ૧૦૨) (એકસોને બે) નાતને આપવા પડશે.

૫ કોઈપણ જ્ઞાતિ ભાઈને સંતાન ન હોય અગર સંતાન જીવતાં ન હોય અને તેવા પુરૂષની વંશવેલો રાખવાની ઈચ્છા હશે તો તેવો પુરૂષ પ્રથમ સ્ત્રીની સંમતિ લઈ ફકત પ્રજા માટે બીજી સ્ત્રી કરી શકશે પરંતુ તેવા પુરૂષની ઉંમર વર્ષ ૩૫ (પાંત્રીસ) ઉપરની અને પ્રથમ સ્ત્રીની ઉંમર ૩૦ (ત્રીસ) વર્ષ ઉપરની હોવી જોઈએ.

**ઠરાવ નં. ૧૬ સ્ત્રી વિધવા બને ત્યારે :-**

૧ કોઈપણ સ્ત્રી વિધવા બને ત્યારે તે સ્ત્રીને તેના સાસરીયા તરફથી કોઈપણ જાતની શારીરિક કે બીજી કોઇપણ પ્રકારની સતામણી કરી શકાશે નહીં, જે કોઈ આવી સતામણી કરશે તે નાતના ગુનેગાર ગણાશે.

૨ વેલના નામે કોઇએ કંઇજ લેવાનું નથી.

૩ બીજા પરગણાઓમાંથી પણ વેલ લેવા દેવાની નથી. ઉપરની કલમનો ભંગ કરી કોઇપણ જ્ઞાતિભાઇ વેલ લેશે તો તેણે લીધેલી વેલની રકમ પાછી આપવી પડશે અને નાતના ગુના બદલ તેણે દંડના રૂા. ૨૫૧) (બસોને એકાવન) આપવા પડશે

૪ વેલ લેવા લેવરાવવામાં તથા આપવા અપાવવામા મદદ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે દંડના રૂા ૧૦૨) (એકસોને બે) આપવા પડશે.

૫ કમનસીબે જો કોઈપણ સ્ત્રી વિધવા બને અને તેની મરજી હોય તો શોકના (પોતના) કપડાં નાખ્યા પછી તે સ્ત્રીને તેના પિયરમાં જવાની છુટ છે. તેને રોકી શકાશે નહીં. તેને રોકનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે દંડના રૂા. ૧૦૨) આપવા પડશે

૬ કમનસીબે કોઇ સ્ત્રી વિધવા બને તો તેણે પોતાના સાસરીયામા રહેવું કે તેના બાપને ત્યાં જવું તે તેની સ્વતંત્ર ઇચ્છા ઉપર છે આવી વિધવા સ્ત્રીને બાળકો હોય અને તેનાં બાળકો ને ઉછેરવા તેની સાસરીમાં તેના પતિના ઘરમાં રહેવા ખુશી હોય તો તેના સાસરીયાઓએ તેને અડચણ કરવી નહીં પરંતુ મદદરૂપ થવું

૭ પર પરગણામાં આપેલી સ્ત્રી કમનસીબે વિધવા બને તો વેલના નામે તથા તેના પિયરમાં જવા આવવા કે તેના દર દાગીના મેળવવા માટે રોકાણુ થાય તો પોતાના સંભાતી ગામોના ભાઇઓને તે ગામમાં લઈ જઈને ન્યાય મેળવવા પ્રયત્ન કરવો.

**ઠરાવ નં. ૧૭ દિએર વટુ :-**

૧ કોઈપણ વિધવા સ્ત્રી સાથે તેના દિયરે દિઅર વટુ વાળવાનું બંધ કરવામાં આવે છે. પરંતુ જો કાઇપણ વિધવા સ્ત્રી છોરની મા હોય અને તેનો દિએર વિધુર હોય અને તે વિધવા સ્ત્રીની મરજી હોય, તેમજ તેના પિયર પક્ષની સંમતિ હોય તો નાતના પુનર્લગ્નના ઠરાવ પ્રમાણે ઠરાવેલું દાપુ આપી દિએર વટુ વાળી શકાશે આથી વિરૂદ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે દંડના રૂા. ૧૦૨) (એકસોને બે) આપવા પડશે.

**ઠરાવ નં. ૧૮ ચુડલા કર્મ બાબત :-**

૧ આણું કર્યા વિનાની બાઇ વિધવા થાય ત્યારે તે બાઇને તેના પિએરીયા તેમની સાથે ચુડલા કર્મ કરવા સારૂં તેના સાસરીઆમાં લઇ જશે. પરંતુ ચુડલા કર્મ કર્યા પછી તે બાઇના પિએરીયા તેણીને તેમની સાથે પાછી લઇ જઈ શકશે.



**ઠરાવ નં. ૧૯ આત્મહત્યા બાબત :-**

૧ જો કોઇપણ સ્ત્રી તેના સાસરીયામાં કોઈપણ રીતે આત્મહત્યા કરે અને નાતની તપાસને અંતે જો પુરૂષ પક્ષ દોષિત જણાય તો તે નાતનો ગુનેગાર ગણાશે, અને તેણે દંડના રૂા. ૧૦૨) (એકસોને બે) નાતને આપવાના રહેશે.

**ઠરાવ નં. ૨૦ કાંણુ સાચવવા બાબત :-**

૧ મરણ પ્રસંગે કાંણુ સાચવવાનું (લાકડી ઝાલવાનું) બંધ કરવામાં આવે છે

૨ મૃત્યુ બાદ સ્ત્રીઓએ ઉભા થઈને છાતી કુટવાની પ્રથા બંધ કરવામાં આવે છે. સ્ત્રીઓએ શોક વ્યકત કરવો જરૂર જણાય તો નીચે બેસીને આચાર કરવો.

૩ મૃત્યું બાદ સૂતક કાઢયા પછી બાર દિવસની અંદર કોઈપણ બે દિવસ સગા સંબંધીઓને કાણે આવવા માટે મુકરર કરવા. એ દિવસો નકકી કરી કાગળ પત્રથી સગા-સંબંધીઓને જાણ કરવી, તે ઠરાવેલા બે જ દિવસે સગા-સંબંધીઓએ કાણે જવું. બાર દિવસ વિત્યા બાદ કાણે જવાનું બંધ કરવામા આવે છે અને બાર દિવસ બાદ કોઈને કોગળો આપી શકાશે નહીં.

૪ કાંણુના નામથી સગા પાસેથી કંઈ લેવાનું નથી.

૫ વૃધ્ધ મા-બાપની કાંણે આવનાર સગા સંબંધીઓને જમણમાં મિષ્ટાન આપવાનું નથી. જમણ આપવાની ઇચ્છા હોય તો ફકત દાળ ભાત જ આપવો, ઉપરની કલમ નં. ૩ માં જણાવ્યા મુજબ કાંણુ ફકત બે જ દિવસ રાખવાની અને દાળ-ભાતનું જમણ પણ તે જ બે દિવસ માટે આપવાનું છે તે પછી આપવાનું નથી.

૬ કાંણે આવનાર દિકરીના સગા પાછાં વાળવા નહીં અગર તેમને ઓઢામણી તરીકે કંઇજ આપવું નહીં. વેવાઈ વેવાણને સાડલા પાઘડી પહેરાવવા નહીં. વેવાઇ વેવાણને સાડલા પાઘડી પહેરાવવાનું બંધ કરવામાં આવે છે. ઉપરની કલમોનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે. કાંણુમાં દાળ-ભાત સિવાય મિષ્ટાંન જમનાર અને જમાડનાર બન્ને ગુનેગાર ગણાશે, અને તે બદલ દરેકે રૂા. ૨૫૧) (બસો એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૨૧ ગરાસ બગાડવા બાબત :-**

૧ કોઈપણ જ્ઞાતિ ભાઈએ પોતાના ભાઇનો કે ગામનો કે બીજા કોઈપણ ગામનો ગરાસ બગાડવો નહિ. કે કોઇના ગરાસમાંથી ચામડાં લાવવાં નહિં કે બીજી રીતે ગામમાં ચામડાંના ગરાસમાંથી થતી આવકમાં રૂકાવટ કે વાંધો કે હરકત ઉભા કરવા નહી. ઠરાવ વિરૂદ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. અને તેણે દંડના રૂા ૧૦૨) (એકસોને બે) નાતને આપવા પડશે,

**ઠરાવ નં. ૨૨ જાસા ચીઠ્ઠી બાબત :-**

૧ કોઈપણ જ્ઞાતિ ભાઈ બીજા ભાઇ વિરૂદ્ધ જાસા બોલી શકશે નહિં કે જાસા ચીઠ્ઠી લખી શકશે નહિં તેમજ બદનક્ષી ભર્યા કાગળો લખી બીજા ભાઇની પ્રતિષ્ઠાને

હાની કરી શકશે નહીં તેમ છતાં જો કોઇ ભાઇ જાસા બોલશે કે જાસા ચીઠ્ઠીઓ લખશે કે બદનક્ષી ભર્યા કાગળો લખશે તો તે નાતનો ગુનેગાર ગણાશે અને તે ગુના બદલ તેણે નાતને રૂા ૨૫૧) (બસોને એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૨૩ તુરી રમાડવા બાબત :-**

૧ બસો બ્યાસી પરગણાના કોઈપણ ગામમાં અને અમદાવાદ શહેરમાં કે બીજે વસતા બસો બ્યાસી પરગણાના કોઈપણ જ્ઞાતિ ભાઈને ત્યાં કે વસ્તીમાં તુરી રમાડવાનું બંધ કરવામાં આવે છે. તેથી વિરૂધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે નાતને રૂા. ૫૧) (એકાવન) દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૨૪ દારૂ અગર કેફી પીણાં પીવા બાબત :-**

૧ કોઈપણ જ્ઞાતિ ભાઈએ સારા કે માઠા પ્રસંગોએ કે જ્ઞાતિ પંચ મળેલ હોય તે પ્રસંગે દારૂ કે કેફી પીણાં પીવાં નહિ આ ઠરાવની અવગણના કરી કોઈપણ ભાઈ દારૂ કે કેફી પીણાં પીશે તો તે નાતનો ગુનેગાર ગણાશે અને તેણે રૂા. ૫૧ (એકાવન) નાતને દંડ આપવો પડશે.

૨ સારા માઠા પ્રસંગોએ કે જ્ઞાતિ પંચ મળ્યું હોય તે પ્રસંગે તળ ગામના કોઈ ભાઇએ મહેમાનને દારૂ કે કેફી પીણાં લાવી આપતાં નહિં કે તેમને પીવાની સગવડ કે મદદ થાય તેવું કંઈ કરવું નહિ. તેમ છતાં તળ ગામનો કોઇ ભાઇ તેમ કરશે તો તે નાતનો ગુનેગાર ગણાશે અને તેણે રૂા. ૫૧) (એકાવન) નાતને દંડના આપવા પડશે.

**ઠરાવ નં. ૨૫ કેળવણી ફંડ :-**

૧ જ્ઞાતિના બાળકોના શિક્ષણ તથા બીજી ધંધાદારી તાલીમની સગવડ ઉભી કરવા સારૂં નીચે પ્રમાણેના પ્રસંગોએ કેળવણી ફંડ લેવાનું ઠરાવવામાં આવે છે.

૧ સગાઈ વખતે બન્ને પક્ષ તરફથી રૂા બ બે આપવા.

૨ લગ્ન વખતે બન્ને પક્ષ તરફથી રૂા. પાંચ પાંચ દરેકે આપવા.

૩ આણા વખતે દિકરા પક્ષ તરફથી રૂા. પાંચ આપવા,

૪ પુર્નલગ્ન વખતે બન્ને પક્ષ તરફથી રૂપીયા પાંચ પાંચ દરેક પક્ષે આપવા.

૫ વરપતના કારજોમાં :-

| | | | |
|---|---|---|---|
| ૧ | એકવાસીમાં ઘરધણી | રૂા. ૧૦) (દશ) | આપે. |
| ૨ | કળશીયામાં ,, | રૂા. ૧૫) (પંદર) | આપે. |
| ૩ | સંભાના પ્રભામાં ,, | રૂા. ૧૫) (પંદર) | આપે. |
| ૪ | ગોળના પ્રભામાં ,, | રૂા. ૨૫) (પચીસ) | આપે. |
| ૫ | ગોળના બારમામા ,, | રૂા. ૨૫) (પચીસ) | આપે. |
| ૬ | વરામાં ,, | રૂા. ૫૦ (પચાસ) | આપે. |
| ૭ | પુજામાં ,, | રૂા ૫૦) (પચાસ) | આપે. |
| ૮ | દેશ તેડામાં ,, | રૂા. ૧૦૦) (સો) | આપે. |



૬ કેળવણી ફંડ અંગેના નાણાં તળ ગામની વસ્તીએ જે તે પ્રસંગે લઇને એકઠાં કરવા અને વસ્તી પંચ પાસે રાખવાં. વાઉચર બુક મળે તો તેની પહોંચો ફાડવી અને આવી રીતે એકઠા કરેલા નાણાં તે અંગેની કમિટિ ઉઘરાવવા આવે ત્યારે તે કમિટિને સોંપવા. તળ ગામની વસ્તીએ જે નાણાં એકઠાં કર્યા હોય તેનો વસ્તી પંચમાં હિસાબ રાખવો આ નાણાં ઘરધણી પાસે રહેવા દેવા નહિ.

૭ આવી રીતે ઉઘરાવેલા નાણાં ગોળ કે પરગણાના નામથી કમીટીએ બેન્કમાં મુકવાં.

**ઠરાવ નં. ૨૬ છેડાલ કે બાવન પરગણા સંબંધી :-**

૧ છેડાલ કે બાવન પરગણામાંથી કોઈપણ ભાઈ આપણાં પરગણામાંથી કન્યા લેવા આવે તો તે સામાપક્ષ પાસેથી રૂા. ૫૧) (એકાવન) લેવા. અને જ્યારે પોતાના ગોળની નાત મળે તે વખતે તે રકમ નાત સમક્ષ રજુ કરવી.

**ઠરાવ નં. ૨૭ નાના ગૃહ ઉદ્યોગો અંગે :-**

૧ આપણી જ્ઞાતિના ઓછું ભણેલા બેકાર ભાઇઓને શિક્ષણ તથા કમાણી કરી શકે તેવા નાના ગૃહ ઉદ્યોગ શરૂ કરવાનું ઠરાવવામાં આવે છે તથા શિક્ષણ સારૂં આશ્રમ ઉભો કરવાનું નક્કી કરવામાં આવે છે આ હેતુ સિદ્ધ કરવા સારૂં સ્થળ તરીકે આંબલીયાસણ સ્ટેશનની આજુબાજુની જગા હોવી જરૂરી જણાય છે. આવા સ્થળે નાનાં એક ઢાળિયાનાં સસ્તાં મકાનો ઉભા કરી અને તેમાં જ્ઞાતિ ભાઇઓના બેકાર યુવાનોને નાના ગૃહ ઉદ્યોગનું શિક્ષણ અને કામની તાલિમ આપવા સારૂ આંબલીયાસણ જેવા સ્થળે નાનાં મકાન બાંધવા સારૂં નાણાં એકઠાં કરવા સારૂં ફંડ ફાળા અને દાન એકઠાં કરવાનું અને કેળવણી ફંડ અંગેની રકમો એકત્ર કરવાનું ઠરાવવામાં આવે છે. જ્ઞાતિ ભાઇઓ પાસેથી ફંડ ફાળા તથા દાન ઉઘરાવવા એક વગદાર કમિટી નિમવાનું નક્કી કરવામાં આવે છે. તથા કેળવણી ફંડ અંગેના નાણાં પણ એકત્ર કરવાનું આ કમિટિને સત્તા આપવામાં આવે છે. અને કમિટીએ આ કામ ઉપાડી લેવાનું છે.

**ઠરાવ નં. ૨૮ પરગણું બોલાવવા બાબત :-**

૧ કોઈપણ ગામ કે વસ્તી, ગોળ કે બસો બ્યાસી પરગણાની નાત બોલાવી શકશે.

૨ ગોળ કે બસો બ્યાસી પરગણાની નાત અંગેની કંકોત્રી આપવા તળ ગામની વસ્તી તરફથી બે ભાઇઓએ જવું. બ્રાહ્મણને કંકોત્રી આપવા મોકલવો નહીં.

૩ બસો બ્યાસી પરગણાના રોહિત (ચમાર) જ્ઞાતિ પંચની બેઠક મળે તથા ગોળના પંચની બેઠક મળે ત્યારે તમામ ગામોએ ઠરાવેલા નોતરા (કંકોત્રી)ના દિવસે અચુક આવી જવું. ઠરાવેલ દિવસે નહીં આવનાર ગામ ગુનેગાર ગણાશે અને તેણે રૂા. (દશ) દંડ તરીકે આપવા પડશે.

૪ પુખ્તવયથી નીચેની ઉંમરના ભાઈઓએ નાતમાં આવવું નહીં કે નાના બાળકોને નાતમાં લાવવા નહીં તેથી વિરૂધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેણે નાતને રૂ. ૨૫।) (પચીસ) દંડના આપવા પડશે.

૫ બસો બ્યાસી પરગણું બોલાવવા વખતે તેના ચાર ગોળ બોલાવવા, રોહિત જ્ઞાતિનું પંચ, સાઇઠ, બે સત્તાવીસ અને બેતાલીસ એમ ચાર ગોળ બોલાવવા, તથા ચાર ગોળ પૈકી કોઈપણ ગોળમાં બારમું કળશીયો, પ્રભા તથા વરામાં ખાટલા બંધ કરવામાં આવે છે. તેમ છતાં જો કોઇ ભાઈ ખાટલામાં સુઇ રહેશે તો તે નાતનો ગુનેગાર ગણાશે અને તે બદલ રૂ. ૧૨।। (સાડાબાર) દંડ આપવો પડશે. ગઢવી, બારોટ, ગુરૂ વિગેરે બધાજ માટે ખાટલા બંધ છે.

૬ ગોળ કે બસો બ્યાસી પરગણાના પંચની બેઠક મળે ત્યારે પંચની કાર્યવાહી (કામકાજ)ને નોંતરાના બીજા દિવસે સવારે શરૂ કરવામાં આવશે, આવેલા ગામોની હાજરીમાં કામકાજ શરૂ થશે અને તેમણે કરેલા કામકાજ કાયદેસર ગણાશે. ઠરાવેલ વાર તિથિએ નહિં આવનાર ગામનો વિરોધ ચાલી શકશે નહિ.

૭ બસોબ્યાસી જ્ઞાતિ પરગણાનું પંચ બોલાવ્યા સિવાય કોઈપણ ગોળ કારજ અંગેના કે બંધારણ અંગેના ઠરાવો કે બીજા કોઈ પ્રકારના ઠરાવો કરી શકશે નહીં તેથી વિરુધ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેનો રૂ. ૨૫૧।) (બસો એકાવન) દંડ કરવામાં આવશે.

**ઠરાવ નં. ૨૯ દંડ વસુલ કરવાની સત્તા :-**

બંધારણની કોઈપણ કલમનો ભંગ કરનાર શખ્સ પાસેથી દંડ વસુલ કરવાની સત્તા ગોળના પંચને આપવામાં આવે છે, ગોળના પંચને ગુનેગાર દાદ ન આપે તો બસો બ્યાસી પરગણાની ચાર ગોળની કમિટિ ગમે તે સ્થળે મળીને તેનો ન્યાય લેવો.

**ઠરાવ નં. ૩૦ મરણ ક્રીયા :-**

૧ નાતના રિવાજ મુજબ મરણ ક્રીયા થઈ શકશે. સોડો કે સાત સોડો કાઢી શકાશે નહીં. ફકત એક જ નવી સોડ કાઢવાની છે ત્રાંબા પિત્તળના વાસણમાં આગ કાઢી શકાશે નહીં, તેના વિરૂદ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. અને તેનો રૂ ૫૦૧।) (પાંચસોને એક) દંડ કરવામાં આવશે

**ઠરાવ નં. ૩૧ યાચક વર્ગ :-**

૧ કોઈપણ શુભ પ્રસંગોમાં બ્રાહ્મણ, તુરી, તથા બીજા યાચક વર્ગને તેમના વાસણમાં જમણ આપવું નહીં તેમણે ઘરધણીના વાસણમાં જમવાનું રહેશે. સાધુ બાહ્મણને કાચું સીધું કે ઘી આપવાનું નથી.

**ઠરાવ નં. ૩૨ પરપરગણામાંથી કન્યા લાવવા તથા કન્યા આપવા અંગેના પ્રતિબંધ -**

૧ બસો બ્યાસી પરગણા રોહિત જ્ઞાતિપંચ સાથે સમાધાન થયા સિવાય પ્રતિબંધ મુકેલ



ભાલ પરગણામાંથી કન્યા લેવી અને આપવી બંધ કરેલ હોઈ તે પરગણામાં કન્યા આપવી નહીં કે કન્યા લાવવી નહિ તે વિરૂદ્ધ વર્તન કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને રૂ ૫૫૧।) (પાંચસોને એકાવન) દંડના આપવા પડશે

**ઠરાવ નં. ૩૩**

૧ કોઈપણ ગામમાં બંધારણ અંગેનો ગુનો બનતો હોય તો તે ગામની વસ્તીએ તે ગુનો રોકવો. તેમ છતાં ગુનો બને તો ગામની વસ્તીએ સંભાતી ભાઈઓના ગામોની કમિટિના સભ્યોને જાણ કરવી અને તેમણે તાબડતોડ ગુનો કરનાર ભાઈને ઘેર હાજર થવું અને ગુનાનો નિર્ણય કરી બંધારણની કલમના ભંગ બદલ ઠરેલો દંડ લેવો અને તે દંડ વસ્તીમાં રાખવો અને ગોળ કમિટિ સમક્ષ રજુ કરવો.

૨ જો ગુનો કરનાર જ્ઞાતિ ભાઈની વસ્તી આવી જાણ ન કરે અને ગુનો છુપાવે કે ગુનેગારને બચાવવાનો પ્રયત્ન કરે તો તે ગામના સંભાતી કમિટિના આગેવાન ગામોને જ્યારે પણ જાણ થાય ત્યારે તેમના સંભાતા ગામોને જાણ કરીને ગુન્હાવાળા ગામ ઉપર તેમના સંભાતી ગામની કમિટિએ હાજર થવું અને બનેલ ગુનાનો નિર્ણય કરી બંધારણની કલમના ભંગ બદલ ઠરેલો દંડ લેવો અને તે દંડ ગોળ કમિટિ સમક્ષ રજુ કરવો.

૩ જો ઉપર જણાવેલ પેટા કલમ નં. ૨ પ્રમાણે ન્યાય કરવા જતાં ગુનેગાર ભાઈ સંભાતી ભાઈઓની કમિટિને દાદ ન આપે અગર તેનું ગામ પણ તેનો પક્ષ કે તરફદારી કરે તો સંભાતી ગામોના આગેવાન ગામોએ મળીને ગોળ કમિટિ ગમે તે સ્થળે ઘરના ખર્ચે અગર કોઈ ગામ સંમત થાય તો તે ગામે બોલાવવી અને તે ગોળની કમિટિએ આ ગુનાનો નિર્ણય કરવો અને બંધારણની કલમના ભંગ બદલ ઠરાવેલા દંડ લેવો.

૪ ગોળની કમિટિને પણ ગુનેગાર ભાઈ અગર તેનું ગામ દાદ ન આપે તો બસો બ્યાસી પરગણાની કમિટિ બોલાવીને તેની સમક્ષ ગુનાની રજુઆત કરવી અને બંધારણની કલમ અંગેનો નિર્ણય કરાવી ઠરાવેલો દંડ લેવો.

૫ ઉપરના ઠરાવોના નિકાલમાં કોઇ ભાઈને અન્યાય થએલો જણાય તો તે ગોળ કે બસો બ્યાસીની કમિટિને અપીલ કરી શકશે.

**ઠરાવ નં. ૩૪**

૧ કોઇપણ ગામમાં અસ્પૃશ્યતા અંગે આપણા કોઈ ભાઈને સવર્ણ સમાજ તરફથી સતામણી કે ત્રાસ આપવામાં આવે તો આપણા દુઃખી ભાઇને મદદ રૂપ થવા અને તેને ન્યાય અપાવવા સંભાતી ગામોની કે ગોળ કમિટિએ પ્રયત્ન કરવો અને તે અંગે મદદ રૂપ થવા માગતા ગામોનું ખર્ચ તે ગામોની વસ્તીઓએ ભોગવી લેવું.

**ઠરાવ નં. ૩૫**

૧ બંધારણ ભંગ અંગેનો કોઈપણ ગુનો કરવામાં મદદગાર હોય તેવો ભાઈ ગુનાની સંપુર્ણ હકીકત રજુ કરે તો તેને નાતનો સાક્ષી ગણી તેનો દંડ માફ કરાશે.

**ઠરાવ નં. ૩૬**

૧ નાત કે પરગણાને કોઈપણ ભાઈ અપમાન જનક શબ્દો બોલશે તથા બદનક્ષી કરશે અને જો તે સાબીત થશે તો તેમ કરનાર ભાઈનો રૂા. ૧૦૨) (એકસોને બે) દંડ લેવામાં આવશે.

**ઠરાવ નં. ૩૭**

૧ લગ્ન પ્રસંગે અમદાવાદ શહેરમાં કે બીજે સ્ત્રીઓ પીઠી ખરીદવા જઈ શકશે નહીં. આ કલમનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તેના રૂા. ૫) (પાંચ) દંડ લેવામાં આવશે.

**ઠરાવ નં. ૩૮**

૧ સારા કે માઠા પ્રસંગોમાં વેવાણુ તેડાવવાનો રિવાજ બંધ છે, તે સંદતર બંધ કરવામાં આવે છે. તેમ છતાં આ ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે અને તે ગુના બદલ બન્ને પક્ષનો રૂા. ૫૧) (એકાવન) દંડ લેવામાં આવશે.

**ઠરાવ નં. ૩૯**

૧ નાત બોલાવવા સિવાયના શુભ પ્રસંગોમાં નોતરાં, કંકોત્રીઓ કાગળ પત્ર મારફતે આપવી. અંગત સગાને જાતે જઈને કંકોત્રી આપવી.

**ઠરાવ નં. ૪૦ વરપત અંગે**

**(અ) કળશીયો :—**

૧ કળશીયો જમવા સ્ત્રી-પુરૂષોએ જવું.

૨ કુલ્લી ફેરવવાનું બંધ કરવામાં આવે છે.

૩ કડાઇ છાંદતી વખતે સંભાતી ગામોને બોલાવી મુહુર્ત જોવડાવી દિવસ નક્કી કરવો.

૪ સંભાતી ગામ જેટલા હોય તેટલા ગામોએ જમવા માટે ચાર દિવસ નક્કી કરેલા હોવાથી ચાર દિવસમાં જમવા માટે આવવાનું રહેશે

૫ ઘડા પૂજવો, માણ્ડીયો, મેળાવો તથા મામેરામાં બે દિવસમાં પતાવી દેવામાં આવશે.

૬ ગઢવી, બડવા, અને બારોટને ઘોડાના બે રૂપીયાનો એક એવા બે ઘોડા આપવા.

૭ ગઢવી, બડવા અને બારોટ વિગેરે માગણોને ઘી આપવાનું બંધ કરવામાં આવે છે.

૮ ગીત તથા બીજા પ્રકારના ઘોડા બંધ કરવામાં આવે છે.

૯ માદરપાટ બંધ કરવામાં આવે છે.



**(બ) પરભા (પ્રભા) :-**

૧ પરભાના જમણના બે શીરા નક્કી કરવામાં આવે છે એક આવતી નાત જમે અને બીજા મેળાવો થયા પછી જમે

૨ પાઘડી બંધ પુરૂષોએ જમવા જવું.

૩ બસો બ્યાસી પરગણના જે ગામોમાં બ્રાહ્મણો વસતા હોય તે બ્રાહ્મણના ગામ દીઠ એક દાન આપવાનું રહેશે.

૪ પોતાના ગામના બ્રાહ્મણોનાં જેટલા ઘર હોય તેટલા દાન આપવા,

૫ દાપું :-

૧ ગામોટને રૂા. ૧૨ાા (સાડાબાર)

૨ ગોરને રૂા. ૧૨ાા (સાડાબાર)

૩ ગુરૂને રૂા. ૧૨ાા (સાડાબાર)

૬ બે બડવા, ગઢવી અને બારોટને બે ઘોડા ઉપરાંત એક એક દાન આપવું.

૭ બસો બ્યાસી પરગણાના હાજર રહેલા બ્રાહ્મણોને જે દાન વહેંચાતું હોય તે આપવું. બીજા દિવસે કોઈપણ દાન આપવું નહીં.

૮ માદરપાટ બંધ કરવામાં આવે છે

**(ક) ગોળનું બારસું :-**

૧ બારમાની પૂછ સંભાતીની રહેશે.

૨ જમણમાં બે શીરા આપવામાં આવશે.

૩ બારમાના ઘોડા ત્રણ દરેક રૂા. ૨) (બે) પ્રમાણે આપવા.

૪ માદરપાટ બંધ કરવામાં આવે છે.

૫ માગણોને ઘી આપવું નહીં.

૬ મામેરાનો મેળાવો બે દિવસમાં પાર પાડવામાં આવશે.

૭ ગામોટને બે ઘોડા અને દાપુ રૂા, ૧૨ાા (સાડાબાર)

૮ ગઢવી અને બે બડવાને આશિષ સાથે ત્રણ ત્રણ ઘોડા

૯ બારોટને બે ઘોડા

૧૦ કોઈપણ કારજમાં માગણોને ખાટલા આપવા નહીં.

૧૧ ગીત :-

વરપત કરનારના ઘરનો જુના તથા નવા ગામનો ગીત ગાવામાં આવશે.

૧૨ મામેરાવાળા પાસેથી ચાસણી તરીકે કંઇપણ આપવું કે અપાવવું નહિ

**(ડ) વરો :-**

૧ વરાના જમણના ત્રણ શીરા ઠરાવવામાં આવે છે.

૨ પૂછ ગોળની રહેશે.

૩ બારમા પ્રમાણે તમામ વહીવટ કરવામાં આવશે.

૪ પાંચ પરગણાનો વરો ગણાશે. જેવા કે બસો બ્યાસી, છોતેર, બાવીશી, હવેલી અને ચુંવાલ.

(૪) પૂજા :-

૧ પૂછ ગોળની રહેશે.

૨ જમણમાં ચાર શીરાનું જમણ આપવું.

૩ પુજાનો વહીવટ બારમાના વહીવટ પ્રમાણે થશે,

૪ માગણને (૦। શેર) પાશેર ઘી લોટા સાથે ભરીને આપવું.

૫ ગામોટને (પા શેર) સવા પાંચ શેર ઘી આપવું.

૬ એ બડવાને પા શેર (સવા પાંચ શેર) ઘી આપવું.

૭ ગઢવીને પા શેર (સવા પાંચ શેર) ઘી આપવું.

૮ પુજા પાંચ પરગણાની ગણાશે જેવાંકે બસો બ્યાસી, છોતેર, બાવીસી, હવેલી અને ચુંવાલ,

**નોંધ** :- ઠરાવ નં. ૨૦ની પેટા કલમ ૩ - મરણની તારીખથી ૧૨ દિવસની અંદર નક્કી કરેલા બે દિવસોએ કાંણે જવાનું છે.

**ઠરાવ નં. ૪૧**

૧ લગ્ન અને બીજા શુભ પ્રસંગોએ સગા સંબંધીઓને નોતરૂ કાગળ પત્ર દ્વારા મોકલવું. અંગત સગાને રૂબરૂમા જઈને નોતરૂ આપવું.

આ બંધારણનો **અમલ તા. ૩૦-૫-૧૯૭૫થી** કરવાનો છે.

આ બંધારણનો પરમેશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞા પુર્વક દરેક ગામે અને સમાજના બધા ભાઈઓએ અમલ કરવાનો છે.

કમિટિના સભ્યોએ બંધારણને વફાદારી પુર્વક વળગી રહી તેનો અમલ કરવામાં સહાયભૂત થવાનું છે.

**બ્રાહ્મણો, ગઢવી, બારોટ વિ. માટે સુચનાઓ -**

૧ બ્રાહ્મણોએ દરેક પ્રસંગે પોષાક વિગેરે સ્વચ્છ પહેરી કાર્ય કરવું,

૨ દિકરાના જન્મ પછી નામકરણ સંસ્કાર કરતી વખતે તે દિકરાની જન્મકુંડલી પુરેપુરી વિગત સાથે નોંધવી.

૩ લગ્ન વખતની ક્રિયા શાસ્ત્રોકત વિધિસર કરવી અને તેની પણ નોંધ રાખવી.

૪ સિમંતમાં પણ શાસ્ત્રોકત વિધિ કરવી અને નોંધ રાખવી.

૫ મરણ પ્રસંગે પણ શાસ્ત્રોકત વિધિ કરવી અને વિગતવાર નોંધ રાખવી.

**(૨) ગઢવી, બારોટ, ગોર વિગેરે માટે -**

૧ વંશાવલી પુરેપુરી વિગતની રાખવી.

૨ દિકરાના દાનની વિગત પુરેપુરી રાખવી.

૩ કારજ વિગેરેની નોંધ સાચી અને પુરેપુરી રાખવી. ઉપરની નોંધમાં તિથિ તારીખ ઉંમર વિગેરે બધી હકીકત જણાવતી નોંધ રાખવી.

૪ ગુરૂ મંદિરના સાધુઓ, પોતાના શિષ્ય વર્ગમાં ધર્મનું જ્ઞાન ફેલાવા અમુક અમુક પ્રસંગો નક્કી કરી. ભજન ઇત્યાદી સમારંભો ગોઠવવા તથા વિદ્યાદાન ઈત્યાદી નેમ શુદ્ધ આચરણ વિગેરેનો પ્રચાર કરવો.

—**બસો બ્યાસી પરગણા રોહિત જ્ઞાતિ પંચ.**



**બસો બ્યાસી પરગણાના રોહિત જ્ઞાતિ પંચના અધિવેશનમાં હાજર રહેલ ગામો**

**★ સાઇઠ ગોળના ગામોની યાદી ★**

| | |
|---|---|
| ૧ મહેસાણા | શાંતિલાલ મંગળદાસ ચૌહાણ |
| | શાંતિલાલ કાળીદાસ પરમાર |
| | સોમાભાઈ માધવદાસ ચૌહાણ |
| | શનાભાઇ વીરાભાઈ સોલંકી |
| | વાલાભાઇ ભગાભાઈ ચૌહાણ |
| | રમેશભાઈ ઈશ્વરભાઇ પરમાર |
| | પસાભાઈ મંગળભાઇ પરમાર |
| ૨ લાંઘણજ | ગાભાભાઈ દુધાભાઇ ચાવડા |
| | કેશવભાઈ જેઠાભાઈ ચાવડા |
| ૩ ડાંગરવા | શંકરભાઈ ધનજીભાઈ |
| | જીવરામભાઇ છગનભાઈ |
| | રણછોડભાઈ ખુશાલભાઈ |
| ૪ રાજપુર | જીવાભાઈ ભાણાભાઇ સોલંકી |
| | વીસાભાઇ કાળીદાસ પરમાર |
| | બેચરભાઈ ખનાભાઈ સોલંકી |
| ૫ સૂરજ | બેચરભાઇ ડોસાભાઇ |
| | કાનજીભાઈ મુળજીભાઈ |
| ૬ સરસાવ | નારણભાઈ છગનભાઈ પરમાર |
| | મીઠાભાઇ સવાભાઈ પરમાર |
| ૭ પાનસર | પરસોત્તમ પાનાભાઇ |
| | નારણભાઇ શીવાભાઈ |
| ૮ ઈટાદરા | સદાભાઈ મોતીભાઈ |
| ૯ આખજ | પુંજાભાઇ શામજીભાઇ |
| ૧૦ બાલીયાસણ | મનાભાઇ દાનાભાઈ |
| ૧૧ પરબતપુરા | વાલજીભાઇ દલાભાઈ |
| ૧૨ વેડા | કચરાભાઈ પરાગભાઈ |
| ૧૩ વસઈ | કરશનભાઈ રેવાભાઇ |
| ૧૪ પલીયડ | બબાભાઈ મુળજીભાઇ |
| ૧૫ વાગોસણા | દલાભાઈ ગગાભાઇ |
| ૧૬ પારસા | શનાભાઇ મોતીભાઇ |
| | કુસાભાઈ જેઠાભાઇ |
| ૧૭ ડાભલા | માધાભાઇ ભાઇચંદભાઇ |
| ૧૮ આજોલ | વિઠ્ઠલભાઈ આલજીભાઈ |
| ૧૯ જગુદણ | રત્નાભાઈ કાનાભાઈ |
| ૨૦ ચલુવા | મગનભાઇ જેઠાભાઈ |
| ૨૧ નારદીપુર | શંકરભાઈ નારણભાઇ આર્ય |
| ૨૨ ખેરવા | કાનજીભાઈ નાગરભાઇ |
| ૨૩ મેઉ | ખોડાભાઈ રામાભાઈ |
| ૨૪ લાખવડ | મગનભાઇ બેચરભાઇ |
| ૨૫ રામપુરા | સાંકળચંદ માધાભાઇ |
| ૨૬ દેઉસણા | ધુળાભાઈ પિતાંબરભાઇ |
| ૨૭ ધનાલી | મગનભાઈ મોરારભાઇ |
| | કાળીદાસ રામજીભાઈ |
| ૨૮ સાંગલપુર | મુળાભાઇ રામાભાઈ |
| ૨૯ જેતલપુર | બેચરભાઇ મલાભાઈ |
| ૩૦ ટુંડાલી | નાથાભાઇ બબાભાઈ |
| ૩૧ નગરાસણ | કાંતિભાઇ મોહનભાઈ |
| ૩૨ ભાકડીયા | સોનાભાઈ ભાઈચંદભાઇ |
| ૩૩ સેઢાવી | સોમાભાઇ મંગળભાઇ |
| ૩૪ દેલવાડા | સોમાભાઈ કાળીદાસ |
| ૩૫ જમણાપોર | સોમાભાઈ પુંજાભાઈ |
| ૩૬ નાગલપુર | વીરાભાઈ રૂપાભાઇ |
| ૩૭ કૈયલ | શીવાભાઇ ડાહ્યાભાઈ |
| ૩૮ ચરાડા (વાંટા) | ઓધાભાઈ માધાભાઈ |
| ૩૯ ચરાડા (તળપદ) | મુળાભાઈ કાળાભાઈ |
| ૪૦ મરેડા | બેચરભાઈ રૂપાભાઇ |
| ૪૧ બિલેશ્વરપુરા | સોમાભાઇ ડુંગરભાઇ |
| ૪૨ ધાનોટ | નાથાભાઇ સદાભાઈ |
| ૪૩ મુળસણ | સદાભાઈ ખાનાભાઈ |
| ૪૪ ગોકળગઢ | કરશનભાઇ તેજાભાઇ |
| ૪૫ હરણાહોડું | મફતાભાઈ સુખાભાઈ |
| ૪૬ સામેત્રા | હરગોવનભાઈ સદાશિવભાઇ |
| ૪૭ ખોરજ | મુળાભાઇ રામજીભાઈ |
| ૪૮ ઓરીઆલી | મગનભાઇ જીવાભાઈ |
| ૪૯ ગોઝારીયા | જીવાભાઇ બેચરભાઈ |
| ૫૦ હીડુવા (રાજગઢ) | રામજીભાઈ નથુભાઈ |

૫૧ મોખાસણ અંબારામ બેચરભાઈ
૫૨ ધમાસણા શંકરભાઈ માધાભાઇ
૫૩ જેરણુંગ (ટીંબાવાળો વાસ)
સોમાભાઇ મુળાભાઇ
૫૪ જેરણુંગ (નીચાણવાળો વાસ)
મફતલાલ આત્મારામ

૫૫ પઢારિયા મફતાભાઈ ખુશાલભાઈ
૫૬ સોનૈયા કાનજીભાઇ માનાભાઈ
૫૭ વડસ્મા રામજીભાઈ જેઠાભાઇ
૫૮ ભીલોડ્રા મોહનભાઈ મોતીભાઈ
૫૯ ઘમેઢા કાળીદાસ રામજીભાઈ

## ✽ બેતાલીસ ગોળના ગામોની યાદી ✽

૧ જેટાણા ગણપતભાઈ ઉમરચંદ ચાવડા
૨ પાલજ મગનભાઈ છગનભાઇ
૩ નુગોર મણિભાઈ વશરામભાઈ
૪ કટોસણ રામજીભાઈ ગોવાભાઈ
૫ ખાંડુજ કાળીદાસ આલજીભાઇ
૬ ઈશ્વપુરા સોમાભાઈ છગનભાઇ
૭ ફસલપુરા પાનાભાઇ લલાભાઈ
૮ દેલોલી માંડાભાઇ મગનભાઇ
૯ અદુંઅળા ભીખાભાઈ હીરાભાઈ
૧૦ ઇશપુરા (પાલજ) બીજલભાઈ છગનભાઇ
૧૧ ઉદેલા સદાભાઈ માનાભાઈ
૧૨ બલોલ શંકરભાઈ અમથાભાઇ
૧૩ નદાસા સોમાભાઇ મલાભાઈ
૧૪ ગમાનપુરા શીવાભાઈ પરાગભાઇ
૧૫ કાનપુરા ચતુરભાઇ મનાભાઈ
૧૬ તેજપુરા શીવાભાઈ લાખાભાઇ
૧૭ મરતોલી ચતુરભાઇ મોતીભાઈ
૧૮ મીઠા વશરામભાઈ સદાભાઈ
૧૯ મગુના નરસિંહભાઈ તેજ્નભાઈ
૨૦ નદણુ ચેતનભાઈ હીરાભાઈ

## ✽ ઉગમણા સત્તાવીશ ગોળના ગામોની યાદી ✽

૧ વૈયાપુર દુધાભાઈ મકુરભાઇ
મનસુખભાઈ કુશાભાઈ
કચરાભાઇ મણિભાઈ
ત્રિકમભાઈ કુશાભાઈ
૨ રઘિજ્ન જીવાભાઇ વાલાભાઇ
આત્મારામ લવજીભાઈ
અમનભાઇ માધાભાઇ
માલાભાઈ નારણભાઈ
૩ ઉનાવા સોમાભાઇ પરમાભાઇ રાઠોડ
સોમાભાઇ માનાભાઇ ,,
રેવનદાસ વાલજીભાઈ ,,
૪ ડોલવડા કાનજીભાઈ મનાભાઇ
માલજીભાઈ ગોવિંદભાઈ
નાગરભાઇ પનાભાઈ
૫ આદરજ મોટી મણાભાઇ અરજણભાઇ
રાજાભાઈ શંકરભાઇ
૬ સરઢવ બબાભાઇ રામજીભાઇ
જેઠાભાઇ વાલાભાઇ
કચરાભાઇ ભોધાભાઈ
૭ રૂપાલ ડાહ્યાભાઈ મલાભાઈ
સદાભાઇ મણિભાઇ
છગનભાઈ જેઠાભાઇ
૮ આમજા રામજીભાઈ કલાભાઈ
મગનભાઈ નરસિંહભાઈ
રેવાભાઇ હરિભાઇ
કરશનભાઈ દલાભાઈ
૯ લીંબોદ્રા શંકરભાઈ માનાભાઈ
મંગાભાઇ માનાભાઈ
મગનભાઇ જેસંગભાઈ
૧૦ માણેકપુર મુળાભાઈ કેશાભાઈ
મોહનભાઈ કાળાભાઇ
હીરાભાઈ ડોસાભાઈ



૧૧ માણસા અમથાભાઈ વીરાભાઈ
કરશનભાઈ ધનાભાઇ
શનાભાઈ છગનભાઈ
ચંદુભાઈ પસાભાઇ
મોતીભાઈ શનાભાઈ પરમાર
૧૨ બાપુપુરા મફતલાલ ધનજીભાઈ
૧૩ ગોળથરા નથુંભાઇ ડાહ્યાભાઈ
મંગાભાઇ શનાભાઇ
૧૪ સોજા દાનાભાઇ બાલાભાઈ
ભીખાભાઇ ધનાભાઈ
શીવાભાઈ રામાભાઈ
વિઠ્ઠલભાઈ રણછોડભાઈ
૧૫ સોલાસણા વીરાભાઈ ત્રિકમભાઇ
જેઠાભાઈ ખુશાલભાઈ
સોમાભાઈ જીવાભાઈ
૧૬ ધોળાકુવા મણાભાઈ કાળાભાઈ
દાનાભાઇ હરજીભાઈ
૧૭ ગળથરા શીવાભાઈ અમથાભાઇ
૧૮ અંબોડ જેઠાભાઈ ઉગરાભાઇ
મોતીભાઈ સુંદરભાઈ
૧૯ અલુવા ઘમ્પરભાઈ લવજીભાઈ
૨૦ દેલવાડ જીવણભાઈ રેવાભાઇ
હાસજીભાઈ કરશનભાઈ
મગનભાઈ મનાભાઈ
૨૧ અમરાપુર શીવાભાઈ વિરાભાઈ
બબાભાઈ મુળાભાઈ
૨૨ પીંપળજ કલાભાઈ સાકરાભાઈ
૨૩ પીંડારડા કોથાભાઇ રેવાભાઈ
૨૪ (મુબારકપુર) મમારપુર } પરમાર જીવણભાઈ તખાભાઈ
નથુંભાઈ મોતીભાઈ

## ✽ ખાખરીયા સત્તાવીશ ગોળના ગામોની યાદી ✽

૧ કડી રામજીભાઈ ડાહ્યાભાઈ પરમાર
ઈશ્વરભાઈ નથુંભાઈ ,,
ઘેલાભાઈ માનાભાઈ ,,
સોમાભાઈ રામાભાઈ ,,
ડાહ્યાભાઈ જેઠાભાઇ રાઠોડ
કુશાભાઇ માનાભાઈ ચાવડા
૨ વીડજ ડાહ્યાભાઇ આશાભાઈ પરમાર
જલાભાઈ જહાભાઈ
ગિરીશકુમાર પુંજાભાઈ
૩ પાહડી ગોકળભાઇ ત્રિકમભાઈ
ડાહ્યાભાઇ છગનભાઈ
૪ કોયડા સાંકાભાઈ ડોસાભાઈ
જગાભાઈ ઉકાભાઈ
૫ મેડા આદરજ બબુભાઈ છગનલાલ
મેડા આદરજ સોમાભાઇ ભગવાનદાસ
હીરાભાઈ ખનાભાઈ
૬ વરખડીયા અમરાભાઈ વાલાભાઈ
માલાભાઈ વાલાભાઈ
૭ ધોળ બળમતભાઈ બેચરભાઇ
૮ મોકાસણ બોથાભાઈ જગાભાઇ
ગોવાભાઇ ભુદરભાઈ
૯ ચારોલ મગનભાઈ ધનાભાઈ
૧૦ વિસલપુર કચરાભાઇ રેવાભાઈ
૧૧ બલાસર પુંજાભાઈ છગનભાઇ
૧૨ અગોલ કાંતિલાલ રણછોડભાઈ ચાવડા
પસાભાઈ અમથાભાઇ
કાળાભાઇ દુધાભાઈ
૧૩ નદણુ મુળાભાઈ સવાભાઇ પરમાર

## ✽ ખાખરીયા સત્તાવીશ બાવીસ ગામોના ગોળના ગામોની યાદી ✽

૧ વડસર કાળીદાસ વીરાભાઇ
કાળીદાસ જેઠાભાઈ
૨ કલોલ સોમાભાઇ કુસાભાઇ
છગનભાઇ લલ્લુભાઈ
મણિલાલ રામજીભાઈ
૩ ધાનજ બોથાભાઈ કુસાભાઈ પરમાર
કેશાભાઈ હીરાભાઈ ,,
૪ બાવળું માલાભાઇ લલાભાઈ
પિતાંબર માધાભાઈ

૫ હાજીપુર આત્મારામ મગનભાઈ
જેઠાભાઈ પિતાંબરભાઈ
૬ બોરાણ (મોટી) આત્મારામ મણીલાલ
ડાહ્યાભાઈ મનાભાઈ
૭ કૈયાલ ગભાભાઈ અમથાભાઈ
મગનભાઈ પુંજાભાઈ
૮ ખાવડ લાલાભાઈ મગનભાઈ ચાવડા
શીવાભાઈ કમાભાઈ
૯ રાંચરડા રામજીભાઈ કુબેરભાઈ
મંગળદાસ હમીરભાઈ
૧૦ લાયપુરા ગફુરભાઈ ખુશાલભાઈ ચૌહાણ
૧૧ જાસપુર જેઠાભાઈ જીવાભાઈ
મફતલાલ બેચરભાઈ પરમાર
૧૨ અણદેજ જીવાભાઈ કાળાભાઈ
ચતુરભાઈ હરજીભાઈ

૧૩ પીયજ કેશવલાલ ચુંથાભાઈ
ઈશ્વરભાઈ અમથાભાઈ
૧૪ રતનપુર (રકનપુર) } બાલાભાઈ જેઠાભાઈ
કુબેરદાસ મેઠાભાઈ
૧૫ થોળ મગનભાઈ લવજીભાઈ
કાળાભાઈ અંબાભાઈ
૧૬ શેરીસા મોહનભાઈ જલાભાઈ
બબાભાઈ મફતલાલ
૧૭ ટીંટોડા ડાહ્યાભાઈ કાળાભાઈ
૧૮ વડાવી સેંધાભાઈ આલજીભાઈ
૧૯ દવેડી શનાભાઈ મીઠાભાઈ પરમાર
૨૦ નાનું વિરમગામ મુળજીભાઈ માનાભાઈ ચાવડા
૨૧ શનાવડ ગભાભાઈ આત્મારામ મકવાણા
૨૨ ખણુસરી છગનભાઈ નથુંભાઈ
ચતુરભાઈ સોમાભાઈ

## બસો બ્યાસી પરગણાના રોહિત જ્ઞાતિ પંચના કમિટિ સભ્યોની યાદી

### ★ સાબઠ ગોળના ગામોના કમિટીના સભ્યોની યાદી ★

૧ મહેસાણા મીઠાભાઈ ડુંગરભાઈ ચૌહાણ
રણછોડભાઈ ખુશાલભાઈ ,,
લાલભાઈ માધવદાસ ,,
શીવાભાઈ રામાભાઈ પરમાર
લાલજીભાઈ કાળીદાસ ,,
ત્રીકમભાઈ બેચરભાઈ ,,
ઈશ્વરભાઈ ભગાભાઈ સોલંકી
સદાભાઈ જેઠાભાઈ પરમાર
મફતલાલ મોહનલાલ સોલંકી
કાળાભાઈ દાનાભાઈ પરમાર
ગોવિંદભાઈ તેજાભાઈ ,,
ફુસાભાઈ આશાભાઈ ચૌહાણ
૨ ડાંગરવા ગોપાળદાસ મુળજીભાઈ સોલંકી
ધનાભાઈ ખુશાલભાઈ મેવાડા
રણછોડભાઈ ખુશાલભાઈ સોલંકી
કાન્તિભાઈ માધવજી રાઠોડ
મગનભાઈ હીરાભાઈ સોલંકી
ઝીણાભાઈ મગનલાલ મેવાડા

૩ લાંઘણુજ સોમચંદભાઈ રામજીભાઈ ચાવડા
સોમાભાઈ શીવાભાઈ ,,
મુળાભાઈ ડુંગરભાઈ પરમાર
બાબુરામ મથાભાઈ ચાવડા
૪ ઈટાદરા લાલજીભાઈ બહેચરભાઈ
સદાભાઈ મોતીભાઈ
વાલજીભાઈ રામજીભાઈ
કાનજીભાઈ શંકરભાઈ
ઈશ્વરભાઈ વરૂભાઈ
૫ સરજ બહેચરભાઈ ડોસાભાઈ પરમાર
શિવરામ રામજીભાઈ ,,
પુરૂસોત્તમભાઈ રામજીભાઈ ,,
મગનભાઈ હરજીભાઈ
૬ સરસાવ પુંજાલાલ ત્રીકમલાલ પરમાર
મોહનભાઈ મથાભાઈ ,,
પિતાંબરભાઈ વરૂભાઈ ,,
ખુશાલભાઈ ધનાભાઈ ,,



૭ રાજપુર વાલજીભાઈ ભાણાભાઈ સોલંકી
શીવાભાઈ મલાભાઈ પરમાર
શંકરભાઈ મગનભાઈ સોલંકી
પ્રહલાદભાઈ પુંજાભાઈ પરમાર
ગાંડાભાઈ લલ્લુભાઈ સોલંકી
૮ પાનસર નારણભાઈ શિવાભાઈ પરમાર
પુરૂસોત્તમદાસ પાનાભાઈ ,,
૯ આખજ મુળજીભાઈ શામજીભાઈ પરમાર
સોમચંદભાઈ રામજીભાઈ ,,
મગનભાઈ મલાભાઈ
રેવાભાઈ બહેચરભાઈ
પુંજાલાલ શામાભાઈ
૧૦ નારદીપુર શંકરભાઈ નારણભાઈ આર્ય
ખોડાભાઈ બહેચરભાઈ
રેવાભાઈ કાળીદાસ
૧૧ બાળિયાસણ મનાભાઈ દાનાભાઈ
કરશનભાઈ જેઠાભાઈ
મઘાભાઈ વશરામભાઈ
તળશીભાઈ ગોકળભાઈ
૧૨ ખેરવા ઈશ્વરલાલ કચરાભાઈ
નથુંભાઈ હરીભાઈ
ફુસાભાઈ મીઠાભાઈ
રામાભાઈ તળશીભાઈ
ધુળાભાઈ મોહનભાઈ
કાંતિલાલ વરૂભાઈ પરમાર
૧૩ મેઉ શંકરભાઈ ભાઈચંદભાઈ
મગનભાઈ હરીભાઈ
નથુંભાઈ ગલાભાઈ
૧૪ પારસા સોમાભાઈ હકાભાઈ
બહેચરભાઈ છગનભાઈ
મોંઘાભાઈ કાળીદાસ
૧૫ વેડા ધનાભાઈ સદાભાઈ પરમાર
સોમચંદભાઈ પાનાભાઈ ,,
ગણપતભાઈ કાળીદાસ રૂપાલા
સોમચંદભાઈ કાળીદાસ

૧૬ ડાભલા ગણેશભાઈ ધરમશીભાઈ
મોહનભાઈ ખુશાલભાઈ
હીરાભાઈ મુળજીભાઈ
રેવાભાઈ કલાભાઈ
૧૭ વસઈ કરશનભાઈ રેવાભાઈ
નથુંભાઈ રામાભાઈ
૧૮ ગોઝારિયા મફતલાલ સોમાભાઈ
રેવાભાઈ પુંજાભાઈ
નથુંભાઈ નરસિંહભાઈ
નરસિંહભાઈ પુંજાભાઈ
૧૯ વડસ્મા મોહનભાઈ જેઠાભાઈ
શંકરભાઈ ગોબરદાસ
રામજીભાઈ જેઠાભાઈ
ગોવિંદભાઈ બીજલભાઈ
રેવાભાઈ નથુંભાઈ
૨૦ જગુદણ શંકરભાઈ ખુશાલભાઈ
લાલાભાઈ શીવાભાઈ
રેવાભાઈ મણીલાલ
રતનાભાઈ કાનાભાઈ
૨૧ કૈયલ શીવાભાઈ ડાહ્યાભાઈ
છગનભાઈ રામાભાઈ
૨૨ રામપુરા પિતાંબરભાઈ પશાભાઈ
છનાભાઈ ઈશ્વરભાઈ
૨૩ પલીયડ છનાભાઈ દાનાભાઈ
લાલજીભાઈ રણછોડભાઈ
મગનભાઈ દલાભાઈ
જ્યોતિરામ રખાભાઈ
૨૪ વાગોસણા શિવરામભાઈ ધર્માભાઈ
મગનભાઈ જેઠાભાઈ
૨૫ સોહોયા કાનજીભાઈ માનાભાઈ
ચુંથાભાઈ પુંજાભાઈ
ફુસાભાઈ ધનાભાઈ
૨૬ ચરાડા તળપદ } સુરાભાઈ કાળાભાઈ
હાલાભાઈ અંબારામ
૨૭ ચરાડા વાંટા } મગનભાઈ ગગાભાઈ
શંકરભાઈ કાળાભાઈ

૨૮ જોરણુંગ ડીંઆવાસ } હરજીભાઈ સદાભાઇ
વિઠ્ઠલભાઈ ઓધવભાઈ
૨૯ જોરણુંગ નીચાણવાસ મફતલાલ આત્મારામ
મોહનભાઈ છગનભાઈ
૩૦ ખેરજ મુળાભાઈ રામાભાઈ
૩૧ ધાનોટ નથુંભાઈ સદાભાઈ
૩૨ જેતલપુર શંકરભાઇ કાળીદાસ
૩૩ લાખવડ ગણેશભાઈ ખુશાલભાઇ
મગનભાઈ બહેચરભાઇ
૩૪ દેલવાડા સોમાભાઈ કાળાભાઈ
૩૫ મુળસણ મોહનભાઈ મુળાભાઇ
એચરભાઈ બાલાભાઇ
૩૬ પુંજાપરા (પરબતપુરા) પુરૂસોત્તમ રામજીભાઈ પરમાર
આત્મારામ ભલાભાઈ
વાલજીભાઈ દલાભાઇ
૩૭ ચલુવા મગનભાઇ જેઠાભાઇ
૩૮ ધમાસણા સોમાભાઇ વસરામભાઈ
મગનભાઇ દાનાભાઇ
૩૯ ટુંડાલી ઉકાભાઈ ભગાભાઈ
સોમાભાઈ ગણેશભાઈ
૪૦ ધનાલી ગાભાભાઈ દેવજીભાઈ
પુરૂસોત્તમદાસ મુળાભાઈ
૪૧ શેઢાવી અમથાભાઈ રામાભાઈ
સોમાભાઈ મંગાભાઇ
૪૨ જમણાપુર સોમાભાઇ પુંજાભાઇ
૪૩ ઓરીઆવી મગનભાઈ જીવાભાઇ
ડાહ્યાભાઇ મીઠાભાઇ

૪૪ પઢારિયા મફાભાઈ ખુશાલભાઇ
પરસોત્તમ મગનભાઈ
બીજલભાઈ ખાનાભાઇ
૪૫ ધમેડા કાલીદાસ રામજીભાઇ
સદાભાઇ ખોડાભાઈ
૪૬ નગરાસણ કાન્તિભાઈ મોહનભાઇ
૪૭ આન્તેલ વિઠ્ઠલભાઇ હાલાભાઈ
૪૮ સાંગણપુર લાલાભાઇ શિવાભાઇ
ખુશાલભાઈ દેવજીભાઇ
રામજીભાઇ મનાભાઈ
૪૯ દેઉસણા ધુળાભાઈ પિતામ્બરભાઈ
૫૦ બિલેશ્વરપુરા સોમાભાઈ ડુંગરભાઈ
૫૧ મોખાસણ ઈશ્વરભાઇ કાળીદાસ
૫૨ હરણાહોડા રેવાભાઈ સુંદરભાઈ
૫૩ બીલોદ્રા મોહનભાઇ મગનભાઈ
રણછોડભાઈ મુળાભાઈ
૫૪ નાગલપુર મોહનભાઈ નાનજીભાઈ
ચતુરભાઈ નાનજીભાઇ ચાવડા
પસાભાઈ માધાભાઈ
૫૫ સામેત્રા હરગોવિંદભાઈ સદાભાઇ પરમાર
કલ્યાણભાઈ ત્રીકમલાલ ,,
૫૬ મરેડા મોહનભાઈ રામજીભાઈ
ફુલાભાઈ છગનભાઈ
૫૭ હેંડુવા (રાજગઢ) શકરાભાઈ કરશનભાઈ
વાલજીભાઈ છગનભાઈ
ધુળાભાઈ કરશનભાઈ
૫૮ ગોકળગઢ કેશવલાલ તેજાભાઈ
જીવરામ તેજાભાઈ
૫૯ ભાકડીયા સોનાભાઈ ભાઈચંદભાઈ

## ⁂ બેતાલીસ ગોળના ગામોના કમિટિના સભ્યોની યાદી ⁂

૧ જોટાણા ગણપતભાઈ ઉગરચંદ ચાવડા
સોમાભાઈ હરિભાઈ ,,
ગોવિંદભાઈ સોમાભાઈ ,,
જેઠાભાઈ પિતામ્બરદાસ ,,
મુળજીભાઈ ગગલભાઈ ,,

જોટાણા મીઠાભાઈ ડાહ્યાભાઈ ચાવડા
ચેતનભાઇ હીરાભાઈ ,,
વરૂભાઇ મોરારભાઈ ,,
ધનાભાઇ મોતીભાઇ ,,



૨ મીઠા વશરામભાઇ સદાભાઈ
૩ નૂગોર ગણેશભાઇ વશરામભાઈ
શીવાભાઈ નારણભાઈ
એચરભાઇ હેમાભાઇ
૪ કટોસણ અંબારામ રામાભાઇ
રામાભાઈ ગોવાભાઈ
વીરાભાઈ હીરાભાઈ
૫ માંકણજ શીવાભાઈ રણછોડદાસ
ચીમનભાઇ રૂપાભાઈ
૬ નદાસા નરોત્તમદાસ બીજલદાસ ચૌહાણ
સોમાભાઇ મલાભાઈ ,,
સોમાભાઈ બબાભાઈ ,,
૭ દેલોલી જેઠાભાઈ મગનભાઈ
ગાંડાભાઈ મગનભાઈ
ઓખાભાઇ રણછોડભાઈ

૮ પાળજ મગનભાઈ છગનભાઇ
ધનજીભાઈ ડાહ્યાભાઈ
૯ મરતોલી શીવાભાઈ આલાભાઈ
૧૦ કસલપુર પાનાભાઇ લલાભાઈ ચાવડા
૧૧ બલોલ અંબારામ બબાભાઇ
શંકરભાઇ અમથાભાઈ
૧૨ ઇસપુરા છગનભાઈ કાળીદાસ
૧૩ કાનપુરા આલાભાઈ બબાભાઇ
૧૪ ઉદેલા સદાભાઇ માનાભાઈ
૧૫ ઇસપુરા (પાલજ) બીજલભાઇ છગનભાઈ
૧૬ તેજપુરા શીવાભાઈ લાખાભાઇ
૧૭ ગમાનપુરા શીવાભાઈ પરાગભાઈ
૧૮ સદુથળા ભીખાભાઈ હીરાભાઈ
સોમાભાઈ લાખાભાઈ
૧૯ મગુના નરસિંહભાઇ તેજાભાઇ
૨૦ નદણ ચેતનભાઈ હીરાભાઈ

## ★ ઉગમણા સત્તાવીશ ગોળના ગામોના કમિટિના સભ્યોની યાદી ★

૧ પેથાપુર દુધાભાઇ ગફુરભાઇ
ત્રિકમભાઈ ફુસાભાઇ
કચરાભાઈ ગણેશભાઈ
મનસુખભાઈ ફુસાભાઇ
૨ કોલવડા કાનજીભાઇ મનાભાઈ
એચરભાઈ મનાભાઇ
નાગરભાઈ પનાભાઈ
ખુશાલભાઇ મનાભાઇ
૩ આદરજ (મોટી) મણીલાલ અરજણભાઇ
રાજાભાઇ શંકરભાઈ
૪ સરઢવ રેવાભાઇ અંબારામ
જેઠાભાઈ વાલજીભાઇ
બબાભાઈ રામજીભાઈ
૫ રૂપાલ ડાહ્યાભાઈ રામજીભાઈ પરમાર
સદાભાઇ ગનાભાઈ
ડાહ્યાભાઇ મલાભાઈ
છગનભાઈ જેઠાભાઇ
૬ આમજા કરશનભાઇ આલાભાઈ
રેવાભાઈ હરિભાઇ
રામજીભાઈ દલાભાઈ

૭ ભોળથરા કાંતિભાઇ બાવાભાઈ
ભીખાભાઈ લાલાભાઈ
૮ લીંબોદ્રા મંગળભાઈ માનાભાઇ
સોમાભાઇ રામાભાઈ
ગણપતભાઈ મોતીભાઈ
મગનભાઇ જેસીંગભાઇ
૯ ધોળાકુવા જેઠાભાઇ સવાભાઈ
દાનાભાઈ હરજીભાઇ
૧૦ બાપુપુરા મફાભાઇ ધનાભાઈ
મોહનભાઈ કાળાભાઈ
૧૧ માણેકપુર લક્ષ્મણભાઈ ફુસાભાઇ
પરસોત્તમભાઈ એચરભાઇ
૧૨ સોભાસણ શિવાભાઈ માનાભાઈ
વિસાભાઈ ત્રિકમભાઇ
૧૩ સોજા ઈશ્વરભાઈ ધનાભાઈ
ભીખાભાઈ ધનાભાઈ
માધાભાઈ ગોપાળભાઇ
૧૪ માણસા ગોવિંદભાઈ રેવાભાઈ
ગણપતભાઈ નરસિંહભાઈ

માણસા જીવાભાઈ ધનાભાઈ
મોતીભાઈ શનાભાઇ પરમાર
કાંતિભાઈ શંકરભાઈ
૧૫ ગળથરા શીવાભાઈ અમથાભાઇ
૧૬ અંબોડ મોતીભાઈ સુંદરભાઇ
જેઠાભાઈ ઉગરાભાઈ
૧૭ દેલવાડ મગનભાઇ કેયાભાઈ
સોમાભાઈ કાળાભાઇ
૧૮ અમરાપુર શીવાભાઈ વિરાભાઈ
બબાભાઈ મુળાભાઈ
૧૯ મમારપુર જીવણભાઈ તખાભાઈ
(મુબારકપુર) નથુંભાઈ મોતીભાઈ

૨૦ અલુવા ઈશ્વરભાઈ લવજીભાઇ
ગાંડાભાઈ કચરાભાઈ
૨૧ ઉનાવા સોમાભાઈ પરમાભાઇ
સોમાભાઈ માનાભાઇ
રેવનદાસ વાલજીભાઈ
રામજીભાઇ મુળજીભાઈ
જીવણભાઈ મોતીલાલ રાઠોડ
૨૨ રાંધેજા જીણાભાઇ વાલાભાઈ
આત્મારામ સવજીભાઈ
ગાભાભાઈ નારણભાઈ
ચીમનભાઇ માધાભાઈ
૨૩ પીંપળજ કલાભાઇ શંકરભાઈ
૨૪ પીડારડા કેયાભાઇ રેવાભાઇ

## ❋ ખાખરીયા સત્તાવીશ ગોળના ગામોના કમિટિના સભ્યોની યાદી ❋

૧ કડી રામજીભાઇ ડાહ્યાભાઈ પરમાર
ઈશ્વરભાઈ નથુંભાઈ ,,
ઘેલાભાઈ માનાભાઈ ,,
ડાહ્યાભાઇ જેઠાભાઇ રાઠોડ
કુસાભાઈ માનાભાઈ ચાવડા
સોમાભાઇ રામાભાઈ સોલંકી
મોતીભાઇ મઘાભાઇ
ભવાનભાઇ ઘેલાભાઈ
મગનભાઈ જલાભાઇ
૨ વીડજ જલાભાઇ જશાભાઈ પરમાર
ડાહ્યાભાઇ આશાભાઈ ,
મગનભાઇ શિવરામભાઈ ,,
૩ પાલ્હી ગોકળભાઈ ત્રિકમભાઇ ચૌહાણ
મનોરભાઇ ટાભાભાઈ ચાવડા

૪ મેડા આદરજ સોમાભાઈ ભગવાનદાસ ચાવડા
ભલાભાઈ છગનભાઇ ચાવડા
૫ કેયડા જગાભાઈ ઉકાભાઇ સોલંકી
૬ વરખડીયા અમરાભાઈ વાલાભાઇ ,,
૭ ચારોલ મગનભાઈ ધનાભાઈ વાઘેલા
૮ અગોલ પરસોત્તમભાઈ અમથાભાઈ
કાંતિભાઈ રણછોડભાઈ
૯ નદાણુ મુળજીભાઈ સવાભાઇ
૧૦ થોળ બળમતભાઈ એચરભાઈ
૧૧ બલાસર પુંજાભાઇ છગનભાઇ
૧૨ મોકાસણ ગોવિંદભાઇ ભુદરભાઈ
પાલાભાઇ નારણભાઇ પરમાર
૧૩ વિસલપુર કચરાભાઈ રેવાભાઇ

## ખાખરીયા સત્તાવીશના બાવીશ ગામોના ગોળના
## ❋ ગામોના કમિટિના સભ્યોની યાદી ❋

૧ વડસર કાળીદાસ વિરાભાઈ પરમાર
કાળીદાસ જેઠાભાઈ ,,
સોમાભાઈ ખનાભાઇ ,,
પુંજાભાઇ ખનાભાઇ ,,

૨ કલોલ સોમાભાઇ કુસાભાઈ વાઘેલા
મણીલાલ રામજીભાઈ ,,
છગનભાઇ લલ્લુભાઈ



૩ હાજીપુર જેઠાભાઈ પિતાંબરભાઈ પરમાર
હીરાભાઇ કાનાભાઈ ,,
૪ ધાનજ ઓયાભાઈ કુસાભાઈ પરમાર
કેશાભાઈ હીરાભાઇ ,,
૫ બાવળું પિતાંબરભાઈ માધાભાઈ સેંગલ
માલાભાઇ લાલાભાઈ ,,
૬ શેરીસા રતીલાલ માનાભાઈ વાઘેલા
મોહનભાઇ જલાભાઈ
૭ રાંચરડા રામજીભાઇ કુબેરભાઈ ચાવડા
પુંજાભાઇ હમીરભાઈ ,,
મુળજીભાઈ ડોસાભાઈ
૮ પીયજ કેશાભાઈ હીરાભાઈ પરમાર
ઈશ્વરભાઈ અમથાભાઈ ,,
૯ ખાવડ લાલાભાઈ મગનભાઈ ચાવડા
પરસોત્તમ માલાભાઇ ,,
મોહનભાઈ જેઠાભાઈ ,,
૧૦ થોળ મગનભાઈ લવજીભાઈ સેંગલ
મણાભાઈ નરસિંહભાઈ ,,

૧૧ અણુદેજ ચતુરભાઈ હરજીભાઈ સેંગલ
ખોડાભાઇ વાલાભાઈ ,,
૧૨ હવેડી શનાભાઈ મીઠાભાઈ પરમાર
૧૩ ટીંટોડા ડાહ્યાભાઈ કાળાભાઈ પરમાર
૧૪ લાયપુરા સોમાભાઈ ખુશાલભાઈ પરમાર
૧૫ જાસપુર જેઠાભાઈ જીવાભાઈ પરમાર
મફતલાલ એચરભાઈ ,,
૧૬ શનાવડ ગાભાભાઈ આત્મારામ મકવાણા
૧૭ મોટી ભોયણ નથુંભાઈ મણીલાલ મકવાણા
દાનાભાઈ માનાભાઈ ,,
વાલજીભાઈ સોમાભાઈ ,,
૧૮ કણજરી છગનભાઇ નથુંભાઈ સેંગલ
પરમાભાઈ કુસાભાઈ ,,
૧૯ કોલાદ ગાભાભાઇ અમથાભાઈ સેંગલ
મગનભાઈ પુંજાભાઈ ,,
૨૦ નાના વિરમગામ કાંતિભાઇ માનાભાઇ ચાવડા
૨૧ વડાવી સેંધાભાઈ આલાભાઇ પરમાર
૨૨ રતનપુર (રકનપુર) } કુબેરભાઇ મીઠાભાઇ પરમાર / બબાભાઇ જેઠાભાઈ પરમાર



# —: સુધારા :—

(૧) ઠરાવ નં. ૧–સગાઈ બાબતની કલમ નં. ૪ નીચે મુજબ વાંચવી :–

સગાઈ થયા પછી અનુકુળતાએ દિકરા પક્ષ તરફથી દિકરી પક્ષને ત્યાં ઘર જોવા સારૂં બે માણસો જાય. આ પ્રસંગે કંઈ પહેરામણી કે આપલે કરવાની નથી.

(૨) ઠરાવ નં. ૧૫ ની કલમ નં. ૧ નીચે મુજબ વાંચવી :–

કોઈપણ પુરૂષ એક હયાત સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરી શકશે નહિં.

(૩) ઠરાવ નં. ૧૫ ની કલમ નં. ૪ ની પહેલી લાઈન નીચે મુજબ વાંચવી :–
"કોઈપણ પુરૂષ બીજી સ્ત્રી કર્યા પછી પ્રથમ સ્ત્રીને મારઝુડ કરે કે હેરાન કરશે કે........."

(૪) ઠરાવ નં. ૪ ની કલમ નં. ૪ માં જયાં "ઝાંપે રોકયા સિવાય" છપાયેલ છે ત્યાં તેના બદલે "ઝાંપે રોકાયા સિવાય" વાંચવું.

**ખુલાસો :—**

(૧) દિકરા કે દિકરીના લગ્ન પ્રસંગે મંડપ બાંધી શકાશે. પરંતુ રંગબેરંગી લાઈટીંગ કે બીજું ડેકોરેશન કરવાનું નથી.

(૨) લગ્ન પ્રસંગે જાનને વાહન વ્યવહારના સાધન તરીકે ફૂલોથી શણગારેલ ન હોય તેવી મોટરકાર કે એસ. ટી. બસ કે મ્યુનિ. બસ કે ટ્રેકટર ટ્રેઈલરમાં બેસાડીને લઈ જઈ શકાશે. પરંતુ વરઘોડો અને બગીમાં કે વરઘોડા સાથેની મોટરમાં કે ખુલ્લી મોટરકારમાં જાનને બેસાડીને લઈ જઈ શકાશે નહિં.

(૩) દિકરા કે દિકરીના લગ્ન પ્રસંગે સગા સંબંધીઓને આમંત્રણ પત્રિકા (કંકોત્રી) આપી શકાશે.

અમૃતભાઈ કાન્યાભાઈ પરમાર માણસા

# ડૉ. બાબાસાહેબ આંબેડકર
# અમર રહો



ડો. બી. આર. આંબેડકર

જય ભીમ 卐 જય ભારત

મુદ્રક :- ઉષા પ્રિન્ટર્સ, મહેસાણિયાવાસ, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.